# જાગૃતિ સંદેશ

કિંમત : રૂા. ૫.૦૦





પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૫૪ – ઑક્ટોબર – ૨૦૧૨


**and... it... is... 100... C e n t u r y...**



જય ભવાની... જય અંબે...



રાવણ... ત્રિસાસ્તિસલાકા પુરુષ



ઈસ દેશ કો રખના
મેરે બચ્ચોં સંભાલ કે

# કુટુંબની તંદુરસ્તી માટે, એક માત્ર વિશ્વાસ **રાઈસીલા** ઉપર



A product from an ISO 9001:2008 & HACCP Certified Company

# RICELA

## Physically Refined Rice Bran Oil

- 'રાઈસીલા' એક માત્ર એવું ખાદ્ય તેલ છે જેના રીફાઈનીંગમાં કોસ્ટીક અને એસીડ નો ઉપયોગ થતો નથી.
  - ફીઝીકલી રીફાઈન કરવાથી પૌષ્ટીક તત્વ વધુ જળવાઈ રહે છે.
- 'રાઈસીલા'માં રહેલું અનોખું ગુણકારી તત્ત્વ ઓરીઝનોલ (Oryzanol) થી ભરપુર છે જે કોલેસ્ટ્રોલને સમતુલિત કરવામાં મદદ કરે છે.
  - ગુણકારી/HDL ને વધારે છે અને નુકસાનકારક/LDL- VLDL ને અત્યંત ઘટાડે છે.
- 'રાઈસીલા' માં બધા પ્રકારની ફેટ સમતુલિત માત્રામાં હોવાને કારણે આ તેલનો ઉપયોગ લાંબો સમય કરી શકાય છે.
  - દેશ વિદેશના આહાર સલાહકાર સંસ્થાઓ દ્વારા પ્રમાણીત થયેલ છે.

Available at Malls & Selected Retail Outlets.



Dr. A. R. Sharma, Chairman of the Company receiving First National Award for R & D efforts in developing a unique Physical Refining Process.

Contains unique nutraceuticals
**Oryzanol & Tocotrienols (Vit-E)**
having scientifically
**proven health benefits**

Physically Refined
**Rice Bran Oil**

with ORYZANOL Guarantee

3 Times NATIONAL AWARD Winner

Trans-fat FREE

with Natural VITAMIN E



a balanced oil for the balanced diet

ADVT

ricela Health Foods Ltd.

For details call us at 1800-180-2411 (Toll Free) • www.ricela.com
Mumbai Tel.: 022 2500 8776 Cell.: 9820404943 • E mail : jatin.ricela@gmail.com

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેષ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેષ સી. ગાંધી |
| | શ્રી રાજેષ આર. ભણશાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી પ્રવીણ એ. શાહ |

શ્રી રમેશ એમ. સંઘવી

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂા.૫/-     વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

આખરે આપણે વર્ષાઋતુના છેલ્લા અંકમાં પ્રવેશી ચૂક્યા. વરસાદ થોડો મોડો આવ્યો તો આપણે મેઘરાજા આવે તેવી પ્રાર્થના કરતા હતા અને હવે પૂરતો વરસાદ પડી ચૂક્યો છે ત્યારે આપણે વરસાદ માટે 'રૂક જા'ની વિનંતી કરીએ છીએ. આપણે માનવોને કોઈ પણ પરિસ્થિતિની વિપરીતતા ગમતી નથી. કાચાપોચાને થથરાવી નાખે તેવી ઈશાની વીજળી અને વાદળાંના ગડગડાટ એ સૂચવે છે કે 'હું હવે જઈ રહ્યો છું.' એમને આપણે કહીએ કે, આવતા વરસે સમયસર પધરામણી કરજો...

...આ સાથે તહેવારોની સિઝન પણ પૂર્ણતાને આરે છે. દરેક તહેવારો પાછળ ભૌગોલિક કારણો અને સામાજિક મહત્ત્વ હોય છે. ઉપરાંત તેની ઉજવણીની રસમ સામાન્ય તંદુરસ્તીને અનુલક્ષીને બનાવેલી હોય છે. દરેક ધર્મમાં ચોમાસા દરમિયાન જ ઉપવાસ આદિ તપસ્યા કરી ભૂખ્યા રહેવાનું કે મર્યાદિત ભોજનનું ધાર્મિક મહત્ત્વ કેમ ગણાવ્યું છે તે સમજાઈ જાય છે. શિખરજીની યાત્રાએ જઈએ ત્યારે સાંજના ૬ વાગ્યા પછી ઊભરાતા ફૂદા અને ઊડતાં જીવડાં થાળીમાં પડે અને જમવું દુષ્કર થઈ પડે ત્યારે 'ચૌવિહાર'ની યથાર્થતા તુરત જ સમજાઈ જશે.

અભ્યાસ કરીશું તો દરેક રિવાજ પાછળનો હેતુ સમજાઈ જશે. તકલીફ તો ત્યારે પડે કે આ રિવાજો રૂઢીમાં ફેરવાઈ જાય. ત્યારે તેનો હેતુ ભુલાઈ જાય અને આપણે તેની જડતામાં જકડાઈ જઈએ અને પ્રગતિ રૂંધાઈ જાય. એ માટે જ દરેક તહેવાર-તેની ઉજવણી વગેરેનું સમયાંતરે મૂલ્યાંકન થવું જોઈએ. ગણેશપૂજાને સાર્વજનિક ગણેશોત્સવનું સ્વરૂપ આપવા પાછળ બાળગંગાધર તિલકનું પ્રયોજન એ બહાને પરતંત્ર પ્રજાને એક કરવાનું હશે!

દિવાળી નજીક આવી ગઈ. ઘણી વાર એવું લાગે છે કે પૃથ્વીની ધરી ઉપર ફરવાની અને સૂરજની પ્રદક્ષિણા કરવાની ઝડપ વધી ગઈ છે! રવિવાર ગયો નથી ને બીજો રવિવાર ઝડપથી આવી જાય છે. ૨૦૬૭ની દિવાળી હજી હમણાં જ વીતી ત્યાં તો ૨૦૬૮ની દિવાળી આવી પણ ગઈ. સમય ક્યાં વીતી જાય છે એ જ ખબર પડતી નથી. પહેલાંના સમયમાં એક દિવાળી પછી બીજી દિવાળી તો કેટલાય સમયે આવતી એમ લાગતું હતું. આમ થવાનું કારણ કદાચ 'ફાસ્ટ લાઈફ સ્ટાઈલ' હશે!

દિવાળી આવે એટલે માલિક-કર્મચારી વચ્ચેનાં સનાતન યુદ્ધનાં બ્યૂગલ વાગવાં માંડશે. સરઘસ, ધરણાં, ઘેરાવ, હડતાળ વગેરે

નુસખા ચાલુ અને પ્રજાની હાલાકી શરૂ. કોઈનોય વાંક નથી. મોંઘવારીનું વિષચક્ર છેલ્લાં ૬૦ વર્ષથી ચાલુ થયું છે. મોંઘવારી નામના કાળીનાગને નાથવા કોઈ નાણાપ્રધાનરૂપી કનૈયો પેદા નથી થયો. જે કોઈ આવે છે તે કાળીનાગને નાથવાને બદલે છંછેડીને ચાલ્યા જાય છે અને પછી કાળીનાગ પ્રજાનું ભક્ષણ કરી જાય છે. ભાવવધારો પછી પગારવધારો, એટલે વળી પાછો ભાવવધારો! પાઈનું મહત્ત્વ જાણતા કેટલાય વડીલો હજી જીવે છે ત્યારે રૂા. ૫૦૦/-ની નોટનું પણ મહત્ત્વ રહ્યું નથી. ૯૦ રૂપિયે તોલાના ભાવે પોતાની જાતે ખરીદેલું સોનું પહેરતી કેટલીય વ્યક્તિઓ આજે ૩૨,૦૦૦ રૂપિયા તોલાનો ભાવ સાંભળી હેબતાઈ જાય છે? હજારો વર્ષથી એકધારી સોંઘારતને ૬૦/૭૦ વર્ષમાં શું થયું કે મોંઘારતમાં ફેરવાઈ ગઈ! આપણાં જૈન શાસ્ત્રો વાંચો, વિચારો અને સમજો તો ચોક્કસપણે આના ઉપાયો મળી આવશે. પશ્ચિમી અર્થગુરુઓનું આમાં કામ નહીં. જો એમ હોત તો યુરોપના એક પછી એક દેશો નાદારી નોંધાવી રહ્યા છે એ પરિસ્થિતિ ન આવત. ૧૯ અને ૨૦મી સદીમાં વ્યાપેલા યંત્રવાદે પશ્ચિમી દેશોને Front Lineમાં મૂકેલા, પણ જ્યારથી આપણે (ભારત અને ચીન) યંત્રવાદ અપનાવ્યો ત્યારથી તેઓ હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે, કારણ આપણી પાસે જેટલા Natural Resources છે તેટલા તેમનાં સપનાંમાંય નથી. આપણે ફક્ત કંસરૂપી રાજકારણીઓનો નિષેધ કરીને અને અંદરોઅંદરની યાદવાસ્થળીથી બહાર નીકળીએ તો 'ડાલ ડાલ પર સોને કી ચીડિયા'ના દિવસો ફરી આવશે જ. ફરી વાર રોજીરોટી કમાવા દૂરદૂરના દેશોના નાગરિકોનો પ્રવાહ ભારત તરફ વળશે જ.

ચાલો ત્યારે, ફરી આપણે જેજેસીની સૃષ્ટિ પર વિહરીએ.

તાજેતરમાં આપણા પરિવારમાં કચ્છના ભચાઉ સેન્ટરનું (૧૪૬મું પુષ્પ) આગમન થયું. તેને ચાર્ટર એનાયત કરવા નિમિત્તે હું, પ્રફુલ્લ કામદાર (સેક્રેટરી જનરલ), અનિલ દોશી (ડેવ. સેક્રેટરી) તથા દ્વિજેષ શાહ (સેક્રેટરી) ગયા હતા. Area Co-Ordinators પણ હાજર રહ્યા. તક ઝડપી અમે ત્રણ જણ કચ્છનાં બીજાં સેન્ટરોની શુભેચ્છા મુલાકાત લીધી અને આનંદ થાય છે કે આ બધી કમિટીમાં યુવાવર્ગનું પ્રાધાન્ય છે. બધી કમિટી યુવાશક્તિથી છલકાય છે. સાથે સાથે વડીલવર્ગનો અનુભવ પણ કાર્ય કરી રહ્યો છે. જેથી દરેક સેન્ટર ઉત્સાહભેર ઉમંગથી, શક્તિથી કામ કરી રહ્યા છે.

દા. ત. જેજેસી-માધાપુર તેના ચાર્ટર દિનથી એક કાયમી મેડિકલ પ્રોજેક્ટ ચલાવી રહ્યું છે જે અન્વયે છેલ્લાં દસ વર્ષથી આ સાર્વજનિક પ્રોજેક્ટ થકી રૂા. ૧૦/-માં મેડિકલ તપાસ કરી દવા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૬૦,૦૦૦ જેટલા દર્દીઓએ આનો લાભ લીધો છે. આ પ્રવૃત્તિના વિસ્તૃત રિપોર્ટ અગાઉ જાગૃતિ સંદેશમાં ત્રણ વાર આવી ગયેલ છે જે દરેકે વાંચેલ હશે. આ જ પ્રમાણે જેજેસી-અંકલેશ્વર પણ કાયમી ધોરણે સાર્વજનિક લાભાર્થે દવાખાનું ચલાવે છે. જેજેસી-ધ્રાંગધ્રા પણ ફિઝિયોથેરપી સેન્ટર કાયમી ધોરણે ચલાવે છે. આવી સેવાભાવી પ્રવૃત્તિનો ઉલ્લેખ કરતા અમને ખૂબ જ ગર્વ થાય છે.

એવી જ રીતે હું ધન્યવાદ આપું છું તાજેતરમાં ચાર્ટર પામેલ જેજેસી-વર્ધમાન નગર (ભુજોડી)ને. ભુજને અડીને આવેલા આ ગામની વિશિષ્ટતા એ છે કે સંપૂર્ણ જૈનોની વસ્તી ધરાવતા આ ગામમાં ૧૨૦૦ ઘર જૈનોનાં છે અને અત્યાર સુધીના ટૂંકા સમયગાળામાં મેડિકલ કૅમ્પ, ધાર્મિક કાર્યક્રમ જેવા ત્રણ-ચાર પ્રોજેક્ટ સફળતાપૂર્વક કર્યા છે. આ પણ યુવાશક્તિનું પરિણામ છે. મારું દરેક સેન્ટરની કમિટીને સૂચન છે કે તેઓ પણ યુવાધનની Dynamic શક્તિનો જરૂરથી ઉપયોગ કરે. સંસ્થાની પ્રગતિ માટે આ બહુ જરૂરી છે.

હવે જે ઉલ્લેખ કરવા જઈ રહ્યો છું તે યુવાશક્તિનો નહીં, પણ અનુભવશક્તિનો છે. વ્યક્તિને જો પરિણામલક્ષી કાર્ય કરવાની ધગશ હોય, હાથ પર લીધેલા કાર્યનું ગૌરવ હોય, કોઈ પણ કાર્યને મનગમતું બનાવવાનો પરિશ્રમ હોય તો એ વ્યક્તિ કાયમ મનથી યુવાન જ રહે છે અને આ સાબિત કર્યું આપણા મુખપત્ર 'જાગૃતિ સંદેશ'ના હાલના તંત્રી શ્રી રમેશ સંઘવીએ. જ્યારથી તેમણે તંત્રીપદ સંભાળ્યું ત્યારથી સતત છેલ્લા ૧૦૦ મહિનાથી અવિરતપણે, કોઈ પણ Break વિના ૯૯ અંક પ્રકાશિત કરી આ ૧૦૦મો અંક પ્રકાશિત કરી ગૌરવ પ્રાપ્ત કર્યું છે. તેઓ નમ્રપણે કહે છે કે મારા પૂર્વતંત્રીઓએ કંડારેલી કેડી પર ચાલીને જ આ કાર્ય હું કરી રહ્યો છું. 'આરંભે શૂરા'ની જેમ શરૂઆતના બે-પાંચ-દશ અંક ઉત્સાહથી બની શકે, પરંતુ સાતત્યપણે ૧૦૦ અંક પ્રસિદ્ધ કરવા એ તકલીફરૂપ Challanging કાર્ય કહેવાય, પણ તેમણે તકલીફને રસદાયક પ્રવૃત્તિમાં ફેરવી નાખી, પણ એ વિશેની વિગતવાર વાતો આગામી અંકમાં કરીશું. હાલના તબક્કે તો તેમને અભિનંદન આપું છું...

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃતનગર | : | ૦૫-૦૯-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ★ |
| | | ૩૦-૦૯-૧૨ | કૉમેડી નાટક : 'ચલતી કા નામ ગાડી' | ★ |
| • ભાંડુપ-વિક્રોલી | : | ૦૩-૦૯-૧૨ | કૉમેડી નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| | | ૩૦-૦૯-૧૨ | મૂવી : 'કમાલ, ધમાલ-માલામાલ' | ✉ |
| • ભાવનગર | : | ૨૬-૦૮-૧૨ | ટેલન્ટ શો : 'સેન્ટરનાં બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ' | ★ |
| • બોરીવલી | : | ૦૧-૦૯-૧૨ | નાટક : — | ✉ |
| • ચેમ્બુર | : | ૧૦-૦૯-૧૨ | કૉમેડી નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| • દાદર | : | ૦૨-૦૯-૧૨ | નાટક : 'મિચ્છા મિ દુક્કડમ' | ✉ |
| | | ૦૩-૦૯-૧૨ | મૂવી : 'જલપરી' | ✉ |
| | | ૨૪-૦૯-૧૨ | કૉમેડી નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| • દહિસર | : | ૦૯-૦૯-૧૨ | હાસ્ય, સંગીત : 'તંબોલા સર્કસ – જીતો છપ્પર ફાડકે' નસીબ ૭મા જન્મદિન નિમિત્તે | ✉ |
| • ડાઉન ટાઉન | : | ૨૩-૦૯-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | : | ૦૮-૦૯-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| | | ૨૪-૦૯-૧૨ | મૂવી : 'બરફી' | ✉ |
| • જેમ્ જગડુશા | : | ૦૧-૦૯-૧૨ | નાટક : 'કિસ્મત કનેક્શન' | ★ |
| • જૂનાગઢ | : | ૦૭-૦૯-૧૨ | ગેટ-ટુ-ગેધર : 'સલૂણી સંધ્યા' | ★ |
| • જુહુ | : | ૨૧-૦૯-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ▲ |
| | | ૩૦-૦૯-૧૨ | મૂવી : 'ઓહ માય ગોડ' | ▲ |
| • કલાનગરી વડોદરા | : | ૨૬-૦૮-૧૨ | મૂવી : 'એક થા ટાઈગર' | ✉ |
| • કાંદિવલી | : | ૨૬-૦૯-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ✉ |
| • લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : | ૨૫-૦૯-૧૨ | ધાર્મિક : 'શ્રી સીમંધરસ્વામીની ભાવયાત્રા' | — |
| • મુલુંડ | : | ૨૧-૦૯-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ✉ |
| | | ૨૮-૦૯-૧૨ | પ્રહસન : 'બૈરી મારી બ્લડપ્રેસર' | ✉ |
| • મલાડ | : | ૨૪-૦૯-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ✉ |
| • મુંબઈ | : | ૨૬-૦૯-૧૨ | મૂવી : 'હીરોઈન' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૦૪-૦૯-૧૨ | પ્રહસન : 'ગુજુભાઈની ગોલમાલ' | ★ |
| • નવી મુંબઈ | : | ૦૬-૦૯-૧૨ | નાટક : 'ચાણક્ય' | ✉ |
| • રાજાવાડી | : | ૦૪-૦૯-૧૨ | નાટક : 'કિસ્મત કનેક્શન' | ✉ |
| | | ૨૫-૦૯-૧૨ | મ્યુઝિકલ હાઉઝી : 'તંબોલા સર્કસ' | ✉ |

| | | | | |
|---|---|---|---|---|
| • સાયન-માટુંગા | : | ૧૩-૦૯-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | |
| | | ૨૫-૦૯-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ✉ |
| • શિવાજી પાર્ક | : | ૦૭-૦૯-૧૨ | કૉમેડી નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| | | ૨૧-૦૯-૧૨ | નાટક : 'મિચ્છા મિ દુક્કડમ' | ✉ |
| • ટોરેન્ટો (કૅનેડા) | : | ૨૨-૦૯-૧૨ | મૂવી : 'બરફી' | ✉ |
| • તાડદેવ | : | ૦૨-૦૯-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ✉ |
| | | ૦૮-૦૯-૧૨ | ઑરકેસ્ટ્રા : 'રાજેશ ખન્નાને શ્રદ્ધાંજલિ' | ★ |
| | | ૨૩-૦૯-૧૨ | મૂવી : 'બરફી' | ✉ |
| | | ૨૪-૦૯-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| | | ૨૫-૦૯-૧૨ | મ્યુઝિકલ હાઉઝી : 'તંબોલા સર્કસ' | ✉ |
| | | ૨૭-૦૯-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ✉ |
| • વાપી | : | ૦૮-૦૯-૧૨ | ગેઈમ : 'Ultimate Game Show' | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## પ્રવાસ-પિકનિક-ધર્મયાત્રા સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસસ્થળ | દિનાંક |
|---|---|---|
| મહુવા | પિંગળેશ્વર તથા ટોકરિયા મહાદેવ<br>જૂનાગઢ, ઢંગગીરી, પ્રભાસપાટણ, સોમનાથ વગેરે... | |
| મલાડ | પંચતીર્થ યાત્રા – અમૃતધામ-મહાવીરધામ, નાકોડાજી<br>વિજયપતાકા, કામણ | તા. ૭-૧૦-૨૦૧૨ |

## આગામી પ્રવાસ-પર્યટન-પિકનિક-ધર્મયાત્રા

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| જુહુ | કચ્છ તીર્થયાત્રા | તા. ૨૪-૧-૨૦૧૩થી ૨૯-૧-૨૦૧૩ | |

## જેજેસીની આજકાલ

### જેજેસી - મહુવા

પ્રમુખ શ્રી નિલેશ દોશી જણાવે છે કે સમાજને પૂ. મોરારિબાપુ જેવા સંતપુરુષ કે જૈન સમાજને વીરચંદ રાઘવજી ગાંધી જેવા નરરત્નની ભેટ આપનાર મહુવાએ જૈન જાગૃતિ સેન્ટરને શ્રી નીતિન સંઘવી કે શ્રી મુકેશ દોશી જેવા દાનવીર આપનાર મહુવામાં જૈન જાગૃતિ સેન્ટર અનેક વર્ષથી સાર્વજનિક કાર્યો કરી રહ્યું છે.

હાલમાં જ જેજેસી-અંકલેશ્વર પાસેથી ૪૦ હજાર શોર્ટ તથા લોંગ નોટબુક પ્રાપ્ત કરી રાહત દરે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને વિતરણ કરવામાં આવેલ અને આ રીતે અભ્યાસ અભિયાનને અનુમોદના આપેલ. હાલમાં જ સંપન્ન શત્રુંજય ધર્મતીર્થ ક્ષેત્રે ૯૯ યાત્રા કરનાર ભાવુક યાત્રાળુનું શ્રી આદેશ્વરદાદાના ફોટાવાળા ઘડિયાળ ભેટ આપીને સન્માન કરવામાં આવેલ.

# મુખપૃષ્ઠ

## દશેરા

હિંદુ સમાજમાં દશેરાનું અનેરું મહત્ત્વ છે. તે દિવસને વિજયાદશમી પણ કહેવાય છે. શુભ તત્ત્વોના અનિષ્ટ ઉપરનો વિજય. કોઈ પણ નવા કાર્યના મંગળાચરણ માટે આ દિવસ શુભ લેખાય છે.

રાવણ એટલે અનિષ્ટ આવૃત્તિઓનું સંકલન. શ્રીરામે તે દિવસે રાવણનો વધ કરી અમાનુષી સંસ્કૃતિનો ધ્વંસ કર્યો. તેની યાદમાં રાવણનું પૂતળું બાળીને વિજય પ્રસંગ પૂરા ઉત્તર ભારતમાં મનાવવામાં આવે છે. જય હો!

પણ રામાયણનું Jain Version શું કહે છે?

જૈન શાસ્ત્ર પ્રમાણે દરેક કાળની શૃંખલામાં બળદેવ, વાસુદેવ અને પ્રતિ વાસુદેવ (Anti Hero)ની ત્રિપુટી હોય છે. વર્તમાનકાળ શૃંખલાની આઠમી કડી એટલે રામ, લક્ષ્મણ અને રાવણ.

હિંદુ માન્યતાથી વિરુદ્ધ રાવણનો વધ લક્ષ્મણે કરેલો અને નહીં કે રામે! રામરાજ્યના ઉત્તરાર્ધમાં શ્રીરામ જૈન સાધુ બની મોક્ષે ગયેલા અને લક્ષ્મણ અને રાવણ સ્વર્ગે ગયેલા. જૈન ગ્રંથો પ્રમાણે તેઓ બન્ને ફરી વાર જન્મોજન્મના ફેરા કરી ક્રમેક્રમે ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરી રહ્યા છે અને જન્મના ફેરામાંથી મુક્તિ મેળવશે. રાવણ પોતે ભવિષ્યના તીર્થંકર બનશે.

જૈનોના બીજા ગ્રંથ પદ્મપુરાણ પ્રમાણે રામ અને રાવણ બન્ને આર્ય કુળના ન હતા, પણ જૈન સંસ્કારને અનુસરતા અને અહિંસામાં માનતા હતા. તેઓ વેદિક સંસ્કૃતિના યજ્ઞમાં પશુ બલિદાનની મહત્તાના વિરોધી હતા અને રાવણે તો યજ્ઞમાં આ પશુવધનો વિરોધ કરી અસંખ્ય મૂગાં પશુઓને બચાવેલા અને વેદીક હિંસક યજ્ઞ બંધ કરાવેલા. આપણે ઘણી જગ્યાએ વાંચેલું છે કે રાક્ષસો આવીને હવનમાં હાડકાં નાખતા. આ કદાચ એ સમયના મીડિયા પ્રચારનો અંશ છે.

રાવણનું મૂળ નામ 'દશમુખા' હતું, પણ તે ભયંકર બિહામણો અવાજ કરી દુશ્મનોને ડરાવી દેતો એટલે એનું નામ રા-વણ પડ્યું અને એ ભગવાન શિવે પાડેલું. રાવણને દશ માથાં છે એમ એટલા માટે કહેવાય છે કે તેણે ખૂબ અભ્યાસ કરી ખૂબ જ ગહન જ્ઞાન પ્રાપ્ત કરેલ અને તેને દશેય દિશાનું અભૂતપૂર્વ જ્ઞાન હતું.

તે ચાર વેદ અને છ શાસ્ત્રમાં પારંગત હતો આથી જ તેને દશ માથાં હતાં તેમ કહેવાય છે.

તે સંસ્કારી, પ્રજાવત્સલ રાજા અને કુશળ લડવૈયો હતો, તેમ જ અહિંસામાં માનતો. આ રીતે રાવણનાં દશ માથાં પ્રતિકાત્મક છે. રાવણ પોતે પવિત્ર ગુરુ વિશ્રાવન અને આસૂરી માતા કૈકાશીના પુત્ર હતા. આમ તે અતિપુરાણ કાળના આર્ય-અનાર્ય વચ્ચેનાં લગ્નસંબંધથી જન્મ પામેલ અને મહાપરાક્રમી સંતાન હતા.

## ૧૪ નવેમ્બર-બાળદિન

ખરેખર તો UNO General Assembly દ્વારા આંતરરાષ્ટ્રીય બાળદિન તરીકે ૨૦ નવેમ્બર જાહેર કરેલ છે, પણ ભારતે તેના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ કે જેમને બાળકો તરફ વિશેષ પ્રીતિ હતી તેમને ભારતના સ્પેશિયલ ચાઈલ્ડ તરીકેનું બહુમાન આપી તેમના જન્મદિવસને ભારતમાં બાળદિન તરીકે ઊજવવાનું નક્કી કર્યું.

દરેક બાળક ભવિષ્યના નાગરિકે છે. દેશનું ભવિષ્ય તેમના હાથમાં સલામત હોય છે તેથી બાળકોને તેમના ઉછેર અને અભ્યાસમાં વિશેષ મહત્ત્વ અપાવું જોઈએ. ઉપરાંત વડેરાઓને પણ તેમનું બચપણ યાદ આવે તે સહેતુક બાળદિનની ઉજવણી કરવા દુનિયાના ૨૧૨ દેશોએ ૧૯૫૯માં Convention on the rights of the child પર Sign કરી માન્યતા આપી.

ભારતમાં અને દુનિયાના અન્ય દેશોમાં બાળમજૂર અને બાળવેઠિયા ઉપર નિષેધ મૂકી વિશેષ હક પ્રદાન કરી બાળકોને તેમના જીવનમાં Self Existanceની માન્યતા આપવામાં આવી છે અને તેને મૂળભૂત હક્ક ગણવામાં આવ્યો છે.

ચાલો, આપણે બાળકોનું બચપણ છીનવાઈ ન જાય તેવું રચનાત્મક કાર્ય કરવાના સૌગંદ લઈને તેમના મુખ ઉપર નિર્દોષ હાસ્ય લઈ આવીએ. જય હો...

## જય ભવાની જય અંબે...

દેશમાં ઊજવાતી પાંચ નવરાત્રિમાંથી ઉનાળાની શરૂઆતમાં આવતી વસંત નવરાત્રિ અને શિયાળાની શરૂઆતમાં આવતી

શરદ નવરાત્રિનું મહત્ત્વ વિશેષ છે. શરદ નવરાત્રિમાં 'શક્તિ'ને પૂજા કરી રક્ષા માટે આહ્‌વાન કરવામાં આવે છે. શક્તિની પૂજાના સ્વરૂપ બદલાઈ ગયાં છે.

શક્તિનાં નવ સ્વરૂપ ગણવામાં આવ્યાં છે : (૧) મા દુર્ગા (૨) મા ભદ્રકાલી (૩) મા અંબા (જગદંબા) (૪) મા અન્નપૂર્ણા (૫) મા સર્વમંગલા (૬) મા ભૈરવી (૭) મા ચંડિકા (૮) મા ભવાની (૯) મા મુકામ્બિકા.

હજી સ્મરણમાં, છે એ દિવસો દરમિયાન માના ગરબા અને રાસ શુદ્ધ ભાવથી પવિત્ર ભાવથી લેવાતા. વિસ્તારની સર્વ સ્ત્રીઓ (બાળકી-કિશોરી-ગૃહિણી) વગેરે માની આરાધના બહુ જ શ્રદ્ધાથી કરતી.

આજની વાત કરવા જેવી નથી. રાસગરબાને ડિસ્કો દાંડિયાનું સ્વરૂપ અપાઈ ગયું છે અને આપણે અંગકસરતના દાવ જોતા હોય તેમ લાગે છે. સાત્ત્વિક ભાવ લુપ્ત થઈ ગયો છે. રાસગરબા અને માતાજીની ભક્તિને કૉમર્શિયલ ટચ અપાઈ ગયો છો. રંજની વાત છે. ભક્તિની જગ્યાએ આરતીની જગ્યાએ ફિલ્મી ઢાળ આવી ગયા છે ત્યારે એમ મન મનાવીએ કે ચાલો એ બહાને આપણાં બાળકો આનંદ તો કરે જ છે.

જય હો...

# વિશ્વાસ ક્યાં મળે છે

વિશ્વાસ ક્યાં મળે છે કોઈ આંખમાં હવે?
વિશ્વાસ ચોપડીમાં મળે વાંચવા હવે.
વિશ્વાસ ખટઘડી તણા સંભારણા હવે,
વિશ્વાસ દાદીમાની કોઈ વારતા હવે.
શોધો છો એ જીવન હવે મળશે નહીં કદી,
વિશ્વાસના આ 'વિ' વિનાના શ્વાસમાં હવે.
ફાવી ગયું બધાયને ઘર બહાર ઝાંપે છે...
'વિશ્વાસ' નામ કોતરી શણગારતા હવે
તારી ને મારી વચ્ચેનું અંતર, કહું? શું છે?
વિશ્વાસના ન હોવાની સંભાવના હવે.
છો શ્વાસ જ્યાં નિશ્વાસ મૂકે, શબ્દ નીકળે,
વિશ્વાસના વજન વિના શું કામના હવે?

## વાર્ષિક સામાન્ય સભા

શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ના રોજ જેજેસી-તાડદેવ દ્વારા વાર્ષિક સામાન્ય સભાનું આયોજન સુંદરાબાઈ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું.

## નોંધ

હાયર એજ્યુકેશન અભિયાન-૨૦૧૨માં આપણાં પારિવારિક સેન્ટરો તરફથી સંતોષકારક ફાળો આવી રહ્યો છે જે સૂચવે છે કે આપણા અભિયાનની યથાર્થતા આપણા પારિવારિક સભ્યોને અપીલ કરી રહી છે. નાનાં નાનાં સેન્ટરો પણ આ પ્રોજેક્ટ માટે સખત પ્રયત્નો કરી રહ્યા છે.

વર્ષ ૨૦૧૨ માટે નક્કી કરેલા લક્ષ્યને આંબવા આપણે ઝડપથી આગળ વધી રહ્યા છીએ. Contribution સાથે દાતાઓનાં નામ ઑફિસમાં આવી રહ્યાં છે. 'જાગૃતિ સંદેશ'માં આ નામ પ્રકાશિત થશે જ. એ માટે હાલમાં જાન્યુઆરી મહિનો મુકરર કરવામાં આવેલ. જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં રૂા. ૧૦૦૦/- અને તેથી વધુના ડોનર્સનાં નામ છાપવામાં આવશે જેની નોંધ સર્વેને લેવા વિનંતી.

# જેજેસી સમાચાર સંક્ષિપ્તમાં

## જેજેસી - કલાનગરી વડોદરા

જૈન શ્રેષ્ઠીઓની એક ચિંતન શિબિરનું આયોજન રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના રોજ સર સયાજીરાવ નગરગૃહ, અકોટા ખાતે પન્યાસ ચંદ્રજિત વિજયજી મ.સા.ના સાંનિધ્યમાં કરવામાં આવ્યું.

## જેજેસી - બોટાદ

રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના રોજ એક આયોજિત કાર્યક્રમમાં ૧૨૦ સભ્યોની હાજરીમાં વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ચોવીસ જિનાલય ખાતે ભગવાન શ્રી આદિનાથના સાંનિધ્યમાં કરવામાં આવ્યો. ઉપરાંત શ્રી ધવલ રાજેશ શાહે CA થઈ જતાં તથા પ્રમુખ શ્રી સંજય દોશીની પુત્રી ચાર્મીએ ૧૬ ઉપવાસ અને પુત્ર આગમે ૮ ઉપવાસની આરાધના પૂર્ણ કરતાં તેમનું સન્માન કરવામાં આવ્યું.

# સાંપ્રત સમસ્યા

**કથાબીજ : જિતેન્દ્ર કોઠારી (I. P. Chairman)**
**શબ્દદેહ : આર્મેશકુમાર જૈન**

નાના-નાની ગાર્ડનના એક ખૂણે બાંકડા ઉપર એકલા બેઠેલા ધનજીભાઈના માથે સૂકી ડાળખી પડતાં તંદ્રામાંથી જાગી ઊઠયા. ઘરે જવાનો સમય વીતી ગયો હતો. ગાર્ડનમાં તેમના જેવા નિવૃત્ત મિત્રો દરરોજ સાંજે મળતા. થોડા સમય પહેલાં મનસુખલાલની પૌત્રી દાદાજીનો હાથ પકડીને લાડ લડાવતી જમવા બોલાવી ગઈ. ચુનીલાલના દીકરાની વહુ આવીને કહેઃ પપ્પાજી ચલો ને ઘરે. આજે તમને બહુ જ ભાવતું બનાવ્યું છે. ઠંડું થઈ જશે કહીને હાથ પકડીને બોલાવી ગઈ. તનસુખલાલને આંખે ઓછું દેખાય. તેમનો દીકરો ઑફિસથી આવી કાયમ સાંજે ૭.૩૦ વાગ્યે હાથ પકડી ધીમેધીમે ઘરે દોરી જાય. આમ બધાનાં સંતાનો દરેકને લઈ જાય. મને આવી રીતે તેડવા આવનાર કોણ? સંભાળ લેનાર ક્યાં છે? વૃદ્ધાવસ્થામાં ભાવતું બનાવી ખવડાવનાર ક્યાં છુપાઈ ગયા છે? મારે પણ મૂડીના વ્યાજને લાડ લડાવવા છે, તેમની સાથે રમવું છે, ગેલ કરવા છે, પણ ક્યાં છે તેઓ બધા?' અને આંખમાંથી બે અશ્રુ ટપકી પડે અને ભૂતકાળમાં સરી પડે.

સ્ટેશનરીની મીડિયમ સાઈઝની રિટેલ દુકાન ચલાવતા ધનજીભાઈના આરામથી ખર્ચા-પાણી નીકળતાં. સુખી-સંતોષી જીવન જીવતા ધનજીભાઈને એક દીકરો. ભણવામાં હોશિયાર. દીકરો આલોક ગ્રૅજ્યુએટ થઈને આગળ ભણવા અમેરિકા ગયો ત્યારે ધનજીભાઈએ જરૂરી ૨૦/૨૨ લાખ પોતાની બચતમાંથી વાપરી નાખ્યા. આલોક અમેરિકા જવાનો હતો તે દિવસ હજી યાદ છે. સગાંવહાલાં, મિત્રોનું ગ્રુપ હરખ કરવા આવ્યાં. મિનિ પાર્ટીનો માહોલ થઈ ગયો. બધા જ ધનજીભાઈને અહોભાવથી અભિનંદન આપતાં. કેટલાક છૂપી ઈર્ષ્યા પણ કરતા. આલોક અમેરિકા જઈને MBA થઈ ગયો અને સારી જોબ મળતા સેટલ થયો. ત્યાં એક NRI ધનવાન કુટુંબની છોકરી સાથે લગ્ન કર્યાં. ધનજીભાઈ અને દમયંતીબેનના જીવનમાં આનંદ આનંદ છવાઈ ગયો.

આલોક દર અઠવાડિયે ફોન કરી મમ્મી-પપ્પાના સમાચાર પૂછે. દર મહિને ડૉલર ટ્રાન્સફર થાય. અમેરિકા આવવા આગ્રહ કરે. ધનજીભાઈ મિત્રોમાં આલોકની વાત કરે. બધા જ ધનજીભાઈની મીઠી ઈર્ષ્યા કરે. થોડા સમય બાદ આલોકની વહુ પ્રેગનન્ટ થઈ. ડિલિવરીના સમયે બન્નેને અમેરિકા તેડાવ્યાં. ફરી વાર મિત્ર વર્તુળમાં પાર્ટી, ધનજીભાઈ અમેરિકા જાય છે, કેટલા નશીબદાર છે! તેમની તો જિંદગી સુધરી ગઈ. દીકરાને ઘરે દીકરો આવ્યો. ખુશી ખુશી વ્યાપી ગઈ. ચાર-પાંચ મહિના અમેરિકામાં રહી બન્ને કંટાળી ગયાં. વતનની યાદ આવતી. મિત્રો, સ્નેહીઓ યાદ આવતા અને છ મહિના બાદ ભારે હૈયે વતન પરસ્ત થયા. ડૉલર આવતા થયા અને ઉંમર પણ થઈ ગઈ તેથી દુકાન બંધ કરી ગુડવિલથી વેચી કાઢી. જે કાંઈ પૈસા આવ્યા તે સરકારી સિક્યોરિટીમાં રોકી થોડીઘણી આવક ઊભી કરી અને ટેસથી જીવન વિતાવવા લાગ્યા.

પણ ધીમે ધીમે એ આનંદનો સૂરજ આથમવા લાગ્યો. દર અઠવાડિયે દીકરાના આવતા ફોન ધીમે ધીમે મહિને, ત્યાર બાદ બે-ત્રણ મહિને આવતા થયા. ડૉલરની આવક ઘસાતી ચાલી. ફોન કરે ત્યારે જવાબ મળતો 'મને પણ અહીં ખેંચ પડે છે. હાલમાં અહીં ભયંકર મંદી ચાલી રહી છે.' વહુ તો લાઈન પર ક્યારેય આવતી જ નહીં. ધનસુખભાઈ પૌત્રની કાલીઘેલી વાતો સાંભળવા તત્પર હતા. દમયંતીબેન તો દરરોજ નિઃસાસા નાખતાં રડતાં. આલોકની યાદ આવતી. પૌત્રને જોયા પાંચ વર્ષ થઈ ગયાં. જીવન ખાલીપાથી દુષિત થઈ ગયું. મોંઘવારીએ માઝા મૂકતા ઘરખર્ચ માટે સાંસા પડવા લાગ્યાં. ડૉલરની આવક બંધ થઈ. આલોક સાથે વાત જ થતી નહીં. અમેરિકા જવાનો કોઈ ચાન્સ ન હતો. કષ્ટમય જિંદગી વિતાવતા. તેમના મિત્રવર્તુળ જેઓ તેમને નસીબદાર માનતા તે બધાનાં સંતાનો વધુ ભણી શક્યાં નહીં, પણ ધીમે ધીમે અહીં સેટ થતાં નોકરી-ધંધામાં પ્રગતિ કરતા હતા. બધાના ઘરે સંતાનોનાં સંતાનો હતાં અને મોજ કરતાં. સુખી જીવન સંતોષથી માણતાં. બધા જ મિત્રો જૈન જાગૃતિ સેન્ટરના સભ્યો હતા અને દર પંદર દિવસે સેન્ટર દ્વારા આયોજિત મનોરંજન કાર્યક્રમો માણતા અને જેજેસીના પ્રોજેક્ટમાં સેવા પણ આપતા. ત્યારે ધનજીભાઈ આર્થિક સંકડામણ અનુભવતા, કોઈ સંસ્થામાં સભ્ય પણ બની શક્યા નહીં.

લથડાતી ચાલે બગીચાની બહાર નીકળી રસ્તાની કિનારીથી અંદર ચાલતા હતા ત્યારે, હૉર્ન મારવા છતાં બેધ્યાન હતા. ખ્યાલ આવ્યો તો ગાડી ઊભી રાખી ધનજીભાઈને ઠપકો આપવા જતો હતો પણ તેમનો ઉદાસીન ચહેરો જોઈ તેમને ગાડીમાં લઈ લીધા. રડમસ અવાજે ધનજીભાઈએ બયાન આપ્યું...

'જિતુભાઈ, સુખી હતો, પણ મેં હાથે કરીને પગ ઉપર

કુહાડી મારી મારું સુખ વિખેરી નાખ્યું. સરસ આવક હતી. દીકરો હોશિયાર હતો. ભારતમાં જ બહુ સરસ રીતે સેટ થઈ જાત. આવડા મોટા વિશાળ દેશમાં ખૂબ જ તક હતી. નોકરીની પણ અને ધંધાની પણ. દીકરો અહીં હોત તો અમારું નાનકડું કુટુંબ કેટલું સુખી હોત! અહીં જ એકબીજાના સહારે જિંદગી નીકળી જાત. મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું હોય. મને પણ મારાં બાળકો રમાડવાની બહુ જ ઈચ્છા થાય છે, પણ શું કરું, આભાસી સુખ માટે અને ખોટી વાહવાહ કરવા અને કરાવવા ખોટું પગલું ભર્યું. વધારે પૈસાની ઘેલછામાં બધું જ સુખ ગુમાવી બેઠો.

હું તો કહું છું કે અહીં આપણા દેશમાં જ કેટલી બધી તક છે. મહેનત કરે તે બધા જ સુખી છે, આજે પૈસેટકે બધા જ આગળ વધી રહ્યા છે. આપણા મુંબઈમાં જ જુઓને. નાના ફ્લૅટની કિંમત એકએક કરોડ થઈ ગઈ છે અને બધાય વેચાય છે તે કાંઈ અમસ્થા? બધા કમાતા જ હશે ને! હું જ નસીબનો બળિયો કે એક જ દીકરો હોવા છતાં ફૉરેનના મોહમાં જવા દીધો.

જિતુભાઈ સાચું કહું, ખોટું ન લગાડતા. તમે છોકરાઓને ફૉરેન ભણવા જવા સહયોગ આપો છો, એ બંધ કરો. અહીં શું ભણવાનું ઊતરતું છે કે ત્યાં જવા આટલા બધું ખરચી નાખવું છે અને મોકલો તો તેમની પાસેથી Promise લખાવી લો કે ભણીને પાછા ભારત આવશે અને મા-બાપની અને દેશની સેવા કરશે. ધીરુભાઈ શું ફૉરેન ભણવા ગયા હતા? પેલો મિત્તલ તો કોલકાતાની ગલીમાં મોટો થયો. આપણા કલામસાહેબ તો મ્યુનિસિપાલિટીની લાઈટમાં વાંચીને વૈજ્ઞાનિક બન્યા. ફૉરેન જવાની જરૂર જ શું છે? મેં તો ભૂલ કરી બધું જ કૌટુંબિક સુખ હણી નાખ્યું, પણ બધાને સંદેશો આપજો, મારો દાખલો લે અને કાંઈક સમજે. વતનમાં જ સુખ છે, મીઠો રોટલો છે અને શીતળ છાયડો છે. જિતુભાઈ, માઠું નહીં લગાડતા, પણ મારી સ્થિતિ જ એવી છે કે હું આક્રોશમાં બોલી નાખું છું.

પછી હળવેથી કહેઃ જિતુભાઈ, એક ૫૦૦ રૂા. આલો ને પરમદિવસે પોસ્ટઑફિસમાંથી આવશે એટલે આપી જઈશ. તમારી કાકી માટે ડાયાબિટીસની દવા લઈ જવી છે, નહીંતર એ બિચારી બે દિવસ ખાઈ નહીં શકે અને તેમને ઘર નજીક ઉતારી મૂક્યા, અલબત્ત રૂા. ૧૦૦૦/- આપીને. ગમે તેમ તો આપણા જૈન બંધુ છે.

જતાં જતાં મને કહેતા ગયા, જિતુભાઈ તમે તો વારંવાર અમેરિકા જાવ છો તો કોઈ વાર આલોકને મળીને તેને સમજાવો, તમે કહેતા હો તો તમારી સાથે 'તરફડતાં મા-બાપનો પત્ર' લખી આપું.

પછીની વાત ટૂંકમાં કહું તો મારી અમેરિકાની વિઝિટ દરમિયાન ખાસ પ્રયત્ન કરી આલોકને પકડયો. તેને અને તેની પત્નીને સામે બેસાડી ઠપકો આપ્યો અને આશ્ચર્ય વચ્ચે ધનજીભાઈને ત્યાં ડૉલર આવવા માંડયા, એટલું જ નહીં, પણ વહુ, દીકરો અને પૌત્ર આવી મહિનો બધાની સાથે વિતાવી ગયાં.

શું ધનજીભાઈની વ્યથા-કથા પ્રેરક છે? શું તેમનો આક્રોશ વ્યાજબી છે? શું તેમની પરિસ્થિતિ કૉમન છે? શું આપણે આ બાબત વિચારવું જોઈએ?

**ગરીબમાં ગરીબ પણ કરી શકે**
**એવું મહાદાન એટલે ચક્ષુદાન અને ત્વચાદાન**



મુંબઈથી બોટાદ-ધોળા જંકશન-સોનગઢ-શિહોર-પાલીતાણા-ભાવનગર-મહુવા જતા પ્રવાસી-યાત્રીકો માટે જોરાવરનગર રેલ્વે સ્ટેશન ઉપર સવારના ૮:૦૧ મિનિટે **બાંદ્રા-ભાવનગર** ટ્રેનના તમારા કોચમાં અમો

**નવકારસીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)**

તમારા મેનુ મુજબ વ્યાજબી ભાવથી કરી આપીશું દરેક નાસ્તા ગરમ બનાવી આપીશું. પ્રવાસી યાત્રીકો માટે શુધ્ધ-પૌષ્ટિક જૈન નાસ્તા મળશે. ઉકાળેલું પાણી અને મીનરલ વોટર પણ મળી શકશે.
**(ગૃપ બુકીંગનું કામ પણ કરી આપીએ છીએ.)**

કાયમી સંપર્ક માટે

**નવકાર કેટરર્સ-દિપકભાઈ જૈન (જોરાવરનગર)**
મો. : ૦૯૦૯૯૯ ૨૨૫૮૯, ૦૯૦૯૯૯ ૨૨૪૨૬,
ફોન : ૦૨૭૫૨-૨૨૫૮૯, ૨૨૨૪૨૬, ૨૩૩૩૩૪

સુરેન્દ્રનગર જંકશન ઉપર **સૌરાષ્ટ્ર મેઈલ**ના સમયે સવારે ૭:૨૩ મીનીટે અમારી સેવા મળી શકશે. તેમજ જામનગર, પડધરી, રાજકોટ, જુનાગઢ, વાંકાનેરથી મુંબઈ જતા પ્રવાસી યાત્રિકો માટે **સૌરાષ્ટ્ર જનતા** તેમજ સૌરાષ્ટ્ર મેઈલ ગાડી ઉપર અગાઉથી બુકીંગ કરાવવાથી તમારી સુચના મુજબ જમવાનું બનાવી આપીશું.
સહકારની અપેક્ષા...

**નવકાર ટ્રાવેલ્સ-દિપકભાઈ જૈન (જોરાવરનગર)**

**અમારી પાસેથી ટુરીસ્ટ ટેક્ષી-ઈન્ડીકા, સ્વીફ્ટ, ટ્રાવેરા, તુફાન, મારૂતી વાન, સુમો, કવોલીસ, ગાડી વ્યાજબી ભાવથી ભાડે મળશે.**

શુભેચ્છક : **જૈન જાગૃતિ સેન્ટર - વઢવાણસીટી-૮૨**

# લબ્ધિ
## ગુરુ ગૌતમસ્વામીને નમઃ

*(ગતાંકથી ચાલુ...)*

**૭) સંભિન્ન શ્રોત્ર લબ્ધિ** : એક ઇન્દ્રિયનું કામ કોઈ બીજી ઇન્દ્રિય કરે તેને સંભિન્ન શ્રોત્ર લબ્ધિ કહેવાય. આ લબ્ધિ જેની પાસે હોય તે વ્યક્તિ નાક કે આંખથી સાંભળી શકે, મોઢાથી સૂંઘી શકે, કાનથી જોઈ શકે વગેરે. મિત્રો એક વાર વિચારી જોજો કે આવી કોઈ લબ્ધિ આપણી પાસે હોયને તો આપણે લાલચના માર્યા તેનો ઉપયોગ પણ કરીએ અને દુરુપયોગ પણ કરીએ. સુંદરતા, પ્રજ્ઞા, ચાલાકી, સત્તા, બળ કે પૈસો, પુણ્યના ઉદયથી આવી કોઈ જાહોજલાલી મળે તો આપણે તેનું પ્રદર્શન કર્યા વગર રહી શકતા નથી. ભાડૂતી, ઉછીની, ઉધાર વસ્તુ વાપરનારનો ઠસ્સો પણ રાજા, મહારાજા જેવો હોય છે. જ્યારે ગૌતમસ્વામીએ તો પોતાનાં કીમતી ઘરેણાં પણ લૉકરમાં જ મૂકી રાખ્યાં.

**૮) અવધિ લબ્ધિ** : અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મા દ્વારા (ઇન્દ્રિય અને મનની સહાયતા વિના) દ્રવ્યોને જાણનારું જે મર્યાદિત યથાર્થ જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહે છે. એટલે કે સીધા-સાદા શબ્દોમાં કહીએ તો ઘરમાં બેઠાંબેઠાં કોઈ વ્યક્તિ ટી.વી. કે ઇન્ટરનેટ જેવાં આધુનિક સાધનોની મદદ વિના અમેરિકા, યુરોપ કે આફ્રિકામાં શું બની રહ્યું છે તે જાણી શકે તેનું નામ અવધિજ્ઞાન.

**૯) મનઃપર્યવ લબ્ધિ** : મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢિદ્વિપમાં રહેલા સંજ્ઞી જીવોમાં વ્યક્ત મનના પરિચિંતિત ભાવોને જાણે તે જ્ઞાન મનઃપર્યવજ્ઞાન છે. તીર્થંકર દીક્ષા લે ને તરત આ જ્ઞાન તેમને ઉત્પન્ન થાય છે. ગૌતમસ્વામીને પણ થયું. તમે વિચારો કે આપણને સામી વ્યક્તિના મનના વિચારો જાણવા મળે તો આપણે તેનું શું કરીએ? સજ્જન વ્યક્તિ સદુપયોગ કરે અને દુર્જન વ્યક્તિ દુરુપયોગ કરે, બરાબર ને?

**૧૦) કેવલ લબ્ધિ** : કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્યોને, સર્વ ગુણોને, સર્વ પર્યાયોને આત્મા દ્વારા એકસાથે જાણે-દેખે તે ગૌતમસ્વામીને બહુ પુરુષાર્થ કર્યા પછી કેવળજ્ઞાન મળ્યું, રાહ જોવડાવીને મળ્યું, પરંતુ તેમના હાથે દીક્ષિત થયેલા દરેકેદરેક શિષ્યોને કેવળજ્ઞાન મળ્યું. પ્રભુ મહાવીરનાં ૧૪૦૦૦ સાધુ અને ૩૬ હજાર સાધ્વી, પરંતુ તેમના ૭૦૦ સાધુઓ અને ૧૪૦૦ સાધ્વીઓ કેવળજ્ઞાની, પરંતુ ગૌતમગણધરના ૫૦૦૦૦ શિષ્ય અને કહેવાની જરૂર ખરી કે તે તમામેતમામ કેવળજ્ઞાની. થરાદના આભુ સંઘવીએ પોતાના હાથ નીચેના ૩૬૦ સાધર્મિકોને પોતાના જેવા શ્રીમંત બનાવ્યા, પરંતુ તેમની સાદાર્મિક ભક્તિ તો ગૌતમસ્વામીની સાધર્મિક ભક્તિ આગળ પાણી ભરે, કારણકે તેમણે તો ૫૦૦૦૦ વ્યક્તિને પોતાનાથી પણ અધિક શ્રીમંત બનાવી.

**૧૧) પૂર્વધર લબ્ધિ** : M.D. કે M.S.નું પ્રમાણપત્ર જેની પાસે હોય તેણે H.S.C. કે S.S.C.નું પ્રમાણપત્ર કોઈનેય બતાવવાની જરૂર પણ શી હોય. કબાટમાં હેંગર પર ભારેમાં ભારે વસ્ત્રોની જોડીઓની જોડી લટકતી હોય તે લટકતી જ રહે અને માલિક તેને એકવાર પણ અડે નહીં, કેવું લાગે? ૧૬૩૮૩ હાથી પ્રમાણ શાહીથી લખી શકાય તેટલું જ્ઞાન કે શ્રુતસાગર એટલે ૧૪ પૂર્વ અનંત લબ્ધિના નિધાન, ચાર જ્ઞાનના ધણી, પરંતુ જે જિજ્ઞાસા થઈ તેનું નિરાકરણ પ્રભુના કેવળજ્ઞાન દ્વારા જ કર્યું.

**૧૨) ગણધર લબ્ધિ** : ગૌતમસ્વામીના જીવનના પ્રસંગો તરફ દૃષ્ટિ કરો તો દરેક પ્રસંગમાં ગૌતમસ્વામીની મહાનતા ચડિયાતી લાગે. ગૌતમસ્વામી પ્રભુ સામે લડ્યા તો સમ્યગ્દર્શન અને ગણધરપદ પામ્યા અને પ્રભુની પાછળ રહ્યા તો કેવળદર્શન પામ્યા. આપણું તો લડવાનું દુનિયા સામે અને રડવાનું પણ દુનિયાની પાછળ. પછી આપણું ભલું ક્યાં અને કેવી રીતે થાય? ગૌતમસ્વામી ચાર વેદ, છ વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ) ધર્મશાસ્ત્ર, પુરાણ, મીમાંસા અને તર્ક (ન્યાયશાસ્ત્ર) આ ચૌદ વિદ્યાના પારંગત હતા. જેમાં વૈદિક પરંપરાનું શાસ્ત્ર સમસ્ત આવી જાય અને પ્રભુના મુખે ત્રિપદી સાંભળી ૧૪ પૂર્વનું જ્ઞાન થયું જેમાં સમસ્ત જૈનદર્શનનું જ્ઞાન સમાવિષ્ટ થાય છે, એટલું જ નહીં, સમસ્ત સંસારની સર્વ વિદ્યાનું જ્ઞાન તેમાં સમાવિષ્ટ થાય છે, પરંતુ બધું જ ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભગવતી સૂત્ર જેમાં ગૌતમસ્વામીએ ભગવાનને ૩૬૦૦૦ પ્રશ્નો પૂછ્યા છે. તે ભગવતી સૂત્રમાં જેટલી વાર ગોયમા શબ્દ આવે છે ત્યારે સંગ્રામ સોની એક સોનામહોર, પેથડ મંત્રી એક સોનામહોર, પેથડ મંત્રીનાં માતાજી અડધી સોનામહોર તથા તેમનાં પત્ની પા સોનામહોર મૂકીને પોથીનું પૂજન કરતાં. ભગવતી સૂત્ર પૂર્ણ થયું ત્યારે આ પરિવારે ૬૩૦૦૦ સોનામહોરથી શ્રુતભક્તિ કરી લીધી.

**૧૩) પદાનુસારિ લબ્ધિ** : કોઈ મહાગ્રંથના માત્ર એક શબ્દ પરથી આખો ગ્રંથ કડકડાટ બોલી શકવાની શક્તિનું

નામ છે પદાનુસારિ લબ્ધિ. ભગવાન જે ઉપદેશ આપતા હતા તે બધાનું જ્ઞાન તેમને હતું, કેમકે કેવળજ્ઞાની ભલે શ્રુતજ્ઞાની કરતાં વધુ પર્યાયો જાણી શકે, પણ જે કહેવાનું છે, જે બોલવાનું છે એ તો મર્યાદિત જ છે અને એ બધું શ્રુતજ્ઞાનનો વિષય બની શકે છે. તેથી ઉપદેશ દેવાની બાબતમાં શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનીને સમકક્ષ ગણાયા છે. છતાં પણ ભગવાનનો દરેક ઉપદેશ અત્યંત વિસ્મયભાવથી અને પૂરા અહોભાવપૂર્વક સાંભળે, જાણે કે પહેલાં કદી ન જાણેલું, સાંભળેલું સાંભળવા મળ્યું હોય એટલા રોમાંચપૂર્વક સાંભળતા હતા અને એમ જ સમજતા હતા કે ભગવાને આ વાત મારા કલ્યાણ માટે જ કરી છે.

**૧૪) ક્ષીરાસ્રવ લબ્ધિ**

**૧૫) ધૃતસ્રવ લબ્ધિ**

**૧૬) મધુવાસ્રવ લબ્ધિ**

ગણધર ગૌતમસ્વામી ઉપદેશ આપે કે કોઈ પણ શબ્દ બોલે તો તેમાં ખીર, ઘી, મધનો આસ્વાદ અનુભવાય. તેમની વાણીની મીઠાશ એટલી બધી પાવરફૂલ કે સાંભળવી ગમે અને શત્રુતા પણ ભુલાઈ જાય. કહેવાય છે કે છ માસ સુધી જો વાણીનું પ્રબળ સત્ય પાળવામાં આવે તો માનવને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે જેને કારણે તેના મુખમાંથી ઝરતી વાણી મીઠાશવાણી અને સત્યને અનુસરનાર હોય છે.

**૧૭) વૈક્રિય લબ્ધિ** : આ લબ્ધિના પ્રતાપે વૈક્રિય શરીર મળે જે સડે નહીં, પડે નહીં, વિલસે નહીં, બગડે નહીં. મૃત્યુ પછી કલેવર વિસરાલ થાય (કપૂરની ગોટીની માફક). વૈક્રિય શરીરમાં રૂપ પરાવર્તન કરવાની શક્તિ હોય જે એક, અનેક, નાના, મોટા, ખેચર, ભૂચર, દશ્ય, અદશ્ય આદિ વિવિધ રૂપ વિવિધ ક્રિયાથી બનાવે, જે દેવ અને નારકીને જન્મથી જ હોય, પરંતુ મનુષ્યને તપોબળે, પુરુષાર્થથી જ આ લબ્ધિ પ્રાપ્ત થાય છે, પરંતુ ગૌતમસ્વામી તો ઉધ્વજાનુ અને અધોશિર હતા એટલે કે ગૌતમસ્વામી પ્રભુ સામે હંમેશાં બે જાનુ ઊંચા રાખીને ઊભડક પગે બેસે છે અને ત્યારે તેમનું મસ્તક હંમેશાં વિનયથી નીચે નમેલું જ હોય.

**૧૮) આહારક લબ્ધિ** : ૧૪ પૂર્વધારી સાધુને તપ આદિ કરવાથી આ લબ્ધિ ઊપજે અને તેના દ્વારા ઉત્તમ સ્ફટિક સમાન પુદ્ગલોથી જે શરીર બનાવે તેને આહારક શરીર કહે છે. આહારક શરીર ચાર કારણે બનાવાય છે : (૧) તીર્થંકર દેવાધિદેવની ઋદ્ધિ જોવા માટે (૨) જીવદયા માટે (૩) મનની અંદર ઉત્પન્ન થયેલ સંશય ટાળવા માટે (૪) શાસ્ત્રના સૂક્ષ્મ અર્થનો બોધ પામવા માટે એક હાથ અથવા મૂંઢા હાથનું આહારક શરીર બનાવે.

**૧૯) લેશ્યા લબ્ધિ** : મોઢામાંથી કોઈ ફૂંક મારે અને તે ફૂંકમાંથી અગનજ્વાળા નીકળીને સામે રહેલી વસ્તુને ભસ્મીભૂત કરી નાખે તેવું બને ખરું? હા, તેજોલેશ્યાની લબ્ધિવાળા યોગી આવો ચમત્કાર કરી શકે. તપ દ્વારા જઠરાગ્નિમાં આ લબ્ધિ સંગ્રહિત કરવામાં આવે છે. તે ઉષ્ણ અને શીત બંને પ્રકારની હોય છે. જો કોઈ નિમિત્તથી તે ક્રોધરૂપે પ્રગટ થાય તો તેની જ્વાલા એક યોજન સુધી પ્રસરીને ત્યાં રહેલાં ગ્રામ, નગર, ગૃહ આદિ વસ્તુને ભસ્મીભૂત કરી શકે છે. ગૌતમસ્વામી પાસે આ લબ્ધિ ઘણી પ્રખર હતી. કહેવાય છે કે તે જો પ્રગટ થઈ હોત તો ૧૬ મહાદેશ જેટલા વિસ્તારને ભસ્મીભૂત કરી શકે, પરંતુ ગણધર ગૌતમ તો સમતાના સાગર, વાત્સલ્યની વહેતી સરિતા, તેમણે આ લબ્ધિને પોતાના ઉદરમાં જ સમાવી દીધી હતી.

**૨૦) અષ્ટાંગ નિમિત્ત** : ભવિષ્યકથન આઠ ભાગમાં વહેંચાયેલું છે, જેમાં તલ, મસા, સામુદ્રિકશાસ્ત્ર, હસ્તરેખા, ચહેરાવાંચન વગેરે દ્વારા જ્યોતિષશાસ્ત્રની જાણકારી થાય છે. આપણને થોડીક પણ ખબર પડવા માંડે તો આપણે લોકોને કહીને નામના મેળવવા માગીએ છીએ, પરંતુ આ તો ગૌતમસ્વામી હતા. જ્ઞાન અને વિદ્યાને આત્મલક્ષનું કારણ ગણતા હતા, જેને કારણે કોઈ પણ સસ્તી વાત માટે તેમણે આ બધાનો પ્રયોગ કર્યો જ નહીં.

**૨૧) સંશ્રવણ લબ્ધિ** : પ્રભુ જે બોલે તે તેને કાયમ માટે યાદ રહી જાય. એકવારમાં જ યાદ રહી જાય અને છતાં પણ તેમને ક્યારેય એમ ન લાગ્યું કે મેં તો હંમેશાં આ સાંભળ્યું છે તો વારે ઘડીએ શા માટે હું એકની એક જ વાત સાંભળું, પરંતુ તેના બદલે તેમના વર્તનમાં દેખાતી હતી એક શાલીનતા અને વિનમ્રતાભર્યો વ્યવહાર.

**૨૨) સર્વાક્ષર સંન્નિપાતી** : ૩૩ વ્યંજન અને ૧૩ સ્વર મળીને ૪૬ અક્ષરની વર્ણાવલી. તે વર્ણોને કાના, માત્રા, આદિથી શણગારીએ ત્યારે બારાખડી બને અને બારાખડીના ૬૯૦ અક્ષરોમાંથી કેટલા બધા અક્ષરસંયોગો નીપજી શકે અને આટલા વિરાટ સંખ્યક અક્ષર સંયોગને એક જ મુહૂર્તમાં ઝડપી લે તેવો કૅમેરા એટલે ગૌતમસ્વામી. તેથી તેમના માટે જે આ વિશેષણ જેવો શબ્દ છે સર્વક્ષર સંન્નિપાતી.

**૨૩) આશિવિષા, દૃષ્ટિવિષા** : જેની આંખોમાં ઝેર હોય, જે ઘોર પરાક્રમી, શૂરવીર હોય તે પણ જ્યારે ગૌતમ ગણધરની સમક્ષ જાય ત્યારે તે બધું જ ભૂલી જાય, ઝેર નીકળી જાય અને કે જાણે તેની દૃષ્ટિમાં, વચનમાં અમૃત પ્રવેશી જાય. *(ક્રમશઃ)*

*પ્રેષક : શ્રીમતી છાયા પ્રવર કોટીચા*

# કર્મબંધ

■ ડૉ. આરતી નલિન વોરા

કર્મનો અર્થ ઘણો જ ગૂઢ છે. કર્મ જેવો નાનકડો શબ્દ અનેક રંગ દર્શાવે છે. આ આખો સંસાર કર્મના આધારે જ રચાયો છે. કર્મની લીલા અકળ છે. તેની સત્તા અજબ પ્રકારની છે. તેની સત્તામાં કોઈનું પણ કશું જ ચાલી શકતું નથી. એવું આ કર્મ છે શું ? કષાય અને યોગના નિમિત્તે આત્મા કર્મયોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરી દૂધ અને પાણીની જેમ આત્મા સાથે એકરૂપ થાય છે તેને કર્મ કહેવાય છે.

આ આખી પૃથ્વી જીવ અને પુદ્‌ગલથી ઠાંસોઠાંસ ભરેલી છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે અને કર્મ જડ પુદ્‌ગલ સ્વરૂપ છે. તે બંને વચ્ચે લેશ્યા-વિચાર-ભાવ રહેલો છે. આત્માના વિચાર (ભાવ) મુજબ મન-વચન-કાયાની યોગપ્રવૃત્તિને કારણે આત્મા જડ પુદ્‌ગલને ગ્રહણ કરી લે છે. જેમ લોહચુંબક (Magnet) લોખંડને પોતા તરફ આકર્ષે છે તેમ જ આત્મા પણ પોતાના શુભ-અશુભ ભાવ પ્રમાણે કર્મને પોતા તરફ આકર્ષે છે. આમ કર્મ પુદ્‌ગલ આત્મા તરફ આકર્ષાઈને જેમ લોહચુંબકને લોખંડ ચોંટી જાય તે જ રીતે આત્મા સાથે પુદ્‌ગલ પરમાણુ ચોંટી જાય છે. આ પુદ્‌ગલ પરમાણુને કર્મ કહે છે અને તેનું આત્મા સાથે જોડાવું તે કર્મબંધન છે.

મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ અને અશુભ યોગ એ પાંચ કારણો કર્મબંધનાં મુખ્ય કારણો છે. સંપૂર્ણ લોકમાં કાર્મણ વર્ગણાના અનંત અનંત સૂક્ષ્મ પરમાણુઓ રહેલા છે. આમ આત્મા સાથે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું જોડાવું તે કર્મબંધન કહેવાય છે. જેમ દૂધ અને પાણી ભેળવવાથી એકમેક થઈ જાય છે અથવા લોખંડના ગોળાને અગ્નિમાં નાખવાથી લોખંડના અણુએ અણુમાં અગ્નિ પ્રવેશી જાય છે તે જ રીતે જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી રહેલો છે. આ રીતે કર્મનો કર્તા કે ભોક્તા આત્મા જ છે-જીવ જ છે તેમ જ કર્મનો ક્ષય કરનાર કે નાશ કરનાર પણ જીવ કે આત્મા જ છે.

આ સંસારમાં અનંતા ભવો કરવા પડે છે. અનેક વાર જન્મ-મરણ કરવા પડે છે તેનું મુખ્ય કારણ કર્મ જ છે. કર્મના કારણે જ પુનર્જન્મ થયા કરે છે. એક પછી બીજો જન્મ એમ ૮૪ લાખ જીવયોનિમાં ભ્રમણ કરવાનું કારણ કર્મબંધન જ છે. જ્યારે આત્મા આ કર્મબંધનથી મુક્ત થાય છે ત્યારે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને ભવભ્રમણમાંથી મુક્તિ મળે છે. સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે.

કર્મ શુભ અને અશુભ બંને પ્રકારે હોય છે.

કર્મબંધના અનકે પ્રકાર છે. પહેલા આપણે જે ચાર પ્રકાર વિશે જોઈએ છીએ તેનાં નામ સ્પૃષ્ટ કર્મબંધ, બદ્ધ કર્મબંધ, નિદ્ધત કર્મબંધ અને નિકાચિત કર્મબંધ.

**૧) સ્પૃષ્ટ કર્મબંધ** : સ્પૃષ્ટ કર્મબંધ એટલે જેમ લોહચુંબક પર લોખંડની સોય જરાક જેટલી ચીપકેલી હોય છે, પણ જ્યારે સોયને લોહચુંબકથી દૂર કરવી હોય તો જરા એવા પરિશ્રમે તે લોહચુંબકથી છૂટી થઈ શકે છે તેમ જ સ્પૃષ્ટ કર્મબંધનું જોડાણ હલકા જેવું હોય છે કે જે સરળતાથી, ઓછા પરિશ્રમે પણ ખરી પડે છે. જેવો કોઈ પણ કાર્ય કર્યા પછી પશ્ચાત્તાપ કર્યો અથવા નાની એવી ક્રિયા કરવાથી પણ કર્મો ખરી પડે છે. નાનું એવું મિચ્છા મી દુક્કડમ કરવાથી કે જરા પ્રાયશ્ચિત્ત કરવાથી પણ કર્મબંધ દૂર થઈ શકે છે. જેમ કોઈ વ્યક્તિ કોરી રેતીમાં બેસે અને થોડી વાર પછી ઊભી થઈને એ રેતીને હલકા હાથે ખંખેરી શકે છે તેમ જ સ્પૃષ્ટ કર્મો પણ સરળતાથી ખરી પડે છે. કર્મ કેવા બંધાય તેનો આધારભાવ પણ ઘણો જ રહે છે. જો ભાવ સારા હોય તો હળવાં અને જલદીથી ખરી પડે તેવાં કર્મોનો બંધ થાય છે.

**૨) બદ્ધ કર્મબંધ** : બદ્ધ કર્મબંધ એટલે જેમ લોહચુંબક પર સોય દોરા સાથે પરોવાયેલી હોય તેવું બંધન છે. જ્યારે બદ્ધ કર્મબંધ થાય છે ત્યારે કઠિન તપ કે પ્રતિક્રમણ અથવા આલોચના કરવાથી તે કર્મ ખપી જાય છે. સ્પૃષ્ટ કર્મબંધ કરતાં આ બદ્ધ કર્મબંધનું જોડાણ થોડું વધારે ગાઢું હોય છે. જેમ વ્યક્તિ ભીની રેતીમાં બેસે અને થોડી વાર પછી ઊભી થઈને એ રેતીને ખંખેરવામાં કોરી રેતી કરતાં થોડી વધુ મહેનત કે પરિશ્રમ કરવાથી ખરી પડે છે તેમ બદ્ધ કર્મબંધની નિર્જરા કરવામાં થોડી મહેનત કરવી જરૂરી બને છે.

**૩) નિદ્ધત કર્મબંધ** : જેમ લોખંડની સોયને અગ્નિમાં તપાવી અને તેના પર હથોડા મારીને લોહચુંબક સાથે એકદમ ચીપકાવી હોય, જાણે Welding કર્યું હોય તેવા બંધને નિદ્ધત કર્મબંધ કહેવાય છે. અગ્નિમાં તપાવેલી સોયને છૂટી પાડતાં જોડાણ હજુ વધારે ગાઢું હોવાથી તકલીફ કે પરિશ્રમ વધારે-ઘણો વધારે-કરવો પડે છે. આ કર્મોને ખપાવવા આત્માને તપથી તપાવવો પડે છે. ખૂબ સમતા રાખી, ઊંચા ભાવ રાખી, કર્મનિર્જરા અર્થે તપ કરવાની મહેનત કરવી પડે છે. આમ આ કર્મબંધને તોડવા વધુ પરિશ્રમ કરવો પડે છે. જેમ વસ્ત્ર પર ભીની માટીના ડાઘ પડ્યા હોય ત્યારે તેને સાફ કરવા માટે પાણીની જરૂર પડે છે, ફક્ત હાથથી ખંખેરવાથી આ કર્મો છૂટાં પડી શકતાં નથી.

**૪) નિકાચિત કર્મબંધ** : નિકાચિત કર્મબંધ હોય ત્યારે આત્મા પર કર્મનું જોડાણ ઘણું જ ગાઢું હોય છે. નિકાચિત કર્મ ઘણાં જ ચીકણાં કર્મ કહેવાય છે. આ કર્મબંધન વખતે રસ, આસક્તિ અને શોખની માત્રા ઘણી વધુ હોય છે. જાણે કર્મનો ગાઢો ગોળો બન્યો હોય અને જેમ લોખંડના ગોળામાં રહેલી સોયને શોધવી પણ મુશ્કેલ હોય તેમ આ ગાઢ બંધને બંધાયેલાં

કર્મોને ખપાવવા ખૂબ જ અઘરાં હોય છે. આ કર્મો ભોગવ્યે જ છૂટકો છે. આ કર્મને કોઈ પણ રીતે આગળ-પાછળ કે હળવાં-ભારે કરવાં ખૂબ જ દુર્લભ છે. તેમાં ઉદ્‌વર્તન, અપવર્તન આદિ પરિવર્તન થતું નથી. જેમ કોઈ કપડા પર એકદમ ગાઢા રંગનો ડાઘ પડ્યો હોય તે ફક્ત પાણીથી જતો નથી. તેને સાફ કરવા સાબુ-સોડા વગેરેની જરૂર પડે છે. તેથી કોઈ પણ કર્મ કરતાં તેમાં રસ-આસક્તિ ન રેડવા. આપણા જેવા ભાવ હોય છે તે અનુસાર જ કર્મબંધ કેટલો ગાઢો હોય તે નક્કી થઈ શકે છે. આથી કોઈ પણ કર્મ કરતાં વખતે તે આસક્તિપૂર્વક ન થાય તેનું ધ્યાન રાખવું.

જેમ દૂધમાં પાણી, માટીમાં ધાતુ, ફૂલમાં અત્તર, તલમાં તેલ રહેલું છે, તેમ આત્મપ્રદેશ અને કર્મપુદ્‌ગલ એકબીજાને બંધાઈને રહેલ છે તેને બંધતત્ત્વ કહે છે. એ બંધતત્ત્વના ચાર પ્રકાર છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ.

**૧) પ્રકૃતિબંધ** : પ્રકૃતિબંધ તે કર્મનો સ્વભાવ તથા પરિણામ. આત્મા જ્યારે પુદ્‌ગલોને ગ્રહણ કરે છે ત્યારે તે પુદ્‌ગલો એકરૂપ હોય છે, પરંતુ બંધ સમયે તે ભિન્નભિન્ન આત્મગુણોને રોકવાના સ્વભાવવાળા થઈ જાય છે. તેને પ્રકૃતિબંધ કહે છે. આત્મા દ્વારા ગ્રહિત કર્મ પુદ્‌ગલોમાંથી કોઈ આત્માનાં દર્શન-જ્ઞાન-સામર્થ્ય ગુણને આચ્છાદન કરે છે તે પ્રકૃતિબંધ છે. આત્મા જેવા રસે કર્મ બાંધે છે તેવા જ રસે ભોગવવા પડે છે. આઠ કર્મ બાંધવાની કુલ પ્રકૃતિ સર્વ મળીને ૮૫ (પંચ્ચાશી) થાય છે અને આઠ કર્મનાં ફળ ભોગવવાની ૯૩ (ત્રાણું) પ્રકૃતિ થાય છે. વિસ્તારે વિચારીએ તો આઠે કર્મની કુલ ૨૮૧ (બસો એક્યાશી) પ્રકૃતિ થાય છે.

**૨) સ્થિતિ બંધ** : આઠ કર્મની સ્થિતિ બંધાય તેને સ્થિતિબંધ કહેવાય છે. સ્થિતિનો અર્થ સમયમર્યાદા થાય છે. બંધાયેલા કર્મદલિકો આત્માની સાથે જેટલો સમય રહે તે કાલ નિર્ધારણને સ્થિતિબંધ કહે છે. કર્મ બાંધ્યા પછી તે ઉદયમાં આવે ત્યારે તેનાં ફળ ભોગવવાં પડે છે. કર્મ બાંધવું અને ભોગવવું તે બંને વચ્ચેનો કાળ તે અબાધાકાળ કહેવાય છે. આઠે કર્મોની સ્થિતિ જુદીજુદી હોય છે. કોઈ કર્મ આત્મા સાથે અંતર્મુહૂર્ત સુધી તો કોઈ વીસ, ત્રીસ, સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે છે. આ કાળમર્યાદા તે જ સ્થિતિબંધ છે.

**૩) અનુભાગબંધ** : અનુભાગનો અર્થ રસ થાય છે. આત્મપરિણામોની તીવ્રતા-મંદતાના આધારે કર્મબંધમાં તીવ્રરસ-મંદરસનો જે અનુભવ થાય તેને અનુભાગબંધ કહે છે. કર્મદલિકોમાં અધ્યવસાય અનુસાર શુભત્વ, અશુભત્વ, તીવ્રતા, મંદતાનું તારતમ્ય હોય છે. આ પ્રમાણે વિવિધ પ્રકારે તીવ્રરસ-મંદરસની અનુભૂતિને જ અનુભાગબંધ કહે છે. કર્મનો રસોદય બે પ્રકારે થાય છે. અભવ્ય તથા એકેન્દ્રિયાદિ જીવોનો તીવ્ર રસોદય હોવાથી તેઓ પરાધીન થઈ આત્મગુણોને પ્રગટ કરવામાં અસમર્થ બનેલા છે અને જે ભવ્ય જીવોના રસોદય મંદ પડતા જાય છે તેઓ અકાય કે સકાય નિર્જરાથી જેમ જેમ કર્મોના રસ પાતળા પાડે છે તેમ તેમ ઉચ્ચત્વને પ્રાપ્ત થતાં થતાં સંપૂર્ણ આત્મિક ગુણોને પ્રગટ કરી શકે છે.

**૪) પ્રદેશબંધ** : કર્મ પુદ્‌ગલોના દલિકો આત્મપ્રદેશની સાથે કેવા પ્રકારે સંબંધિત છે તે દર્શાવે છે. પ્રદેશનો અર્થ પરિમાણ કે જથ્થો થાય છે. ગ્રહિત કર્મ પુદ્‌ગલોનું પરિમાણ નક્કી થાય તે પ્રદેશબંધ કહેવાય છે. કેટલાંક કર્મમાં પરમાણુઓની સંખ્યા વધુ તો કોઈમાં ઓછી હોય. આ પ્રમાણે ભિન્નભિન્ન માપ પરિમાણતા દલિકોનો બંધ થાય તે પ્રદેશબંધ. આઠ કર્મોના પ્રદેશબંધ એટલે કર્મ પુદ્‌ગલોના દલિકો.

આત્મપ્રદેશની સાથે કર્મપ્રદેશનો સંબંધ થવાથી આત્મા કર્મ પુદ્‌ગલોના ઉદયાનુસાર સંસારમાં વિચિત્રતાને પામે છે. સુખ કે દુઃખનો આધાર કર્મોથી જ છે. આ પ્રમાણે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ તે કર્મબંધની પ્રક્રિયા છે. તે પૈકી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના કારણે થાય છે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયને કારણે થાય છે. કર્મના મૂળ ભેદ આઠ અને ઉત્તરભેદ એકસો અઠ્ઠાવન છે. પ્રત્યેક સ્વભાવ અને સ્થિતિ ભિન્ન હોય છે અને તે ભિન્નભિન્ન ગુણોનો ઘાત કરે છે.

આ ચાર પ્રકારના બંધને સમજવા માટે એક દૃષ્ટાંત જોઈએ (૧) સૂંઠ, મેથી વગેરે પદાર્થો નાખીને લાડુ બનાવ્યો. તે લાડુ વાયુ, પિત્ત વગેરેનો નાશ કરે તે તેની પ્રકૃતિ (સ્વભાવ) કહેવાય (૨) તે લાડુ એક મહિનો-બે મહિના એમ જેટલો સમય તે ને તે સ્વરૂપે રહે તેને સ્થિતિ (કાળનું પ્રમાણ) કહેવાય (૩) તે લાડુ કડવો-મીઠો-તીખો હોય તે રસ (અનુભાગ) કહેવાય (૪) તે લાડુમાં કોઈ થોડા દળને પરિણામે નીપજ્યો, કોઈ બહુદળને પરિણામે નીપજ્યો. એમ લાડુ વિશેનું દ્રવ્યનું ઓછાવત્તાપણાનું જે પ્રમાણ (પ્રદેશ) અથવા તો લાડુ કદમાં નાનો-મોટો તેને પ્રદેશબંધ કહેવાય છે. આમ આ દૃષ્ટાંતથી ચારે બંધને સરળતાથી સમજી શકાય છે.

આત્મા શુદ્ધ અને નિર્મળ તત્ત્વ છે. આત્માના ભાવ ઉત્પન્ન થવાથી તેના પર આધારિત કર્મ પુદ્‌ગલને ગ્રહણ કરે છે અને કર્મના સહચર્યથી આત્મા મલિન બને છે. કર્મ અને આત્માનો સંબંધ અનાદિકાળથી છે. જેમ સુવર્ણ અગ્નિના તાપ વડે માટીથી પૃથક થઈ વિશુદ્ધ બને છે તેમ શુભ અનુષ્ઠાનોના તાપ દ્વારા આત્મા પરથી કર્મ દૂર થાય ત્યારે તે શુદ્ધ-બુદ્ધ બને છે, નિર્મળ-વિમળ બને છે અને સિદ્ધત્વને પામે છે. આમ કર્મનો સંપૂર્ણ ક્ષય થયા પછી આત્માના આઠ ગુણોનો ઉઘાડ થાય છે અને જન્મ-મરણના ભવભ્રમણમાંથી મુક્ત થઈ સિદ્ધશિલા પર બિરાજમાન થાય છે.

# પ્રેરણાત્મક વ્યક્તિત્વ



## ડૉ. વર્ગીસ કુરિયન
## (સહકારી શ્વેત ક્રાંતિના જનક)

**પૂરું નામ** : ડૉ. વર્ગીસ કુરિયન
**જન્મતારીખ** : ૨૬ નવેમ્બર, ૧૯૨૧
**સ્થળ** : કોઝીકોડ (કેરળ રાજ્ય)
**પત્ની** : મોલી
**પુત્રી** : નિર્મલ

**શૈક્ષણિક યોગ્યતા :**

★ સન ૧૯૪૦માં ચેન્નઈની લોયલ કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્રમાં સ્નાતકની પદવી.
★ સન ૧૯૪૩માં એન્જિનિયરિંગ અભ્યાસ બાદ ટાટા સ્ટીલ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ, જમશેદપુરમાં જોડાયા.
★ ત્યાર બાદ ભારત સરકારની સ્કૉલરશિપ સાથે ડેરી એન્જિનિયરિંગ ક્ષેત્રે વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા.
★ ૧૩ મે, ૧૯૪૯ના દિવસે અમેરિકાથી આણંદ ખાતે આગમન.
★ સન ૧૯૫૦માં ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના એક્ઝિક્યુટિવ હેડ બન્યા.
★ સન ૧૯૬૫થી ૧૯૯૮ સુધી નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ફાઉન્ડર ચૅરમૅન.
★ સન ૧૯૭૩થી ૨૦૦૬ સધી જીસીએમએમએફના ફાઉન્ડર ચૅરમૅન.
★ સન ૧૯૭૯થી ૨૦૦૬ સુધી ઈરમાના ફાઉન્ડર ચૅરમૅન.

**સિદ્ધિઓ :**

★ ઑપરેશન ફ્લડ દ્વારા ભારતમાં શ્વેત ક્રાંતિના જનક તરીકે જાણીતા થયા.
★ 'ધ મિલ્કમૅન' (ભારતના 'ક્ષીર નાયક') તરીકે ખ્યાતિ મેળવી. તેમને કુલ ૧૮ જેટલાં સન્માન-પદવી-એવૉર્ડ મળ્યાં, જેમાંનાં કેટલાંક છે :
  ■ સન ૧૯૬૩માં પ્રખ્યાત રેમન મેગ્સેસે એવૉર્ડ
  ■ સન ૯૧૬૫માં 'પદ્મશ્રી' એવૉર્ડ
  ■ સન ૧૯૬૫માં 'પદ્મભૂષણ' એવૉર્ડ
  ■ સન ૧૯૮૬માં 'કૃષિરત્ન' એવૉર્ડ
  ■ સન ૧૯૯૯માં 'પદ્મવિભૂષણ' એવૉર્ડ

શ્વેત ક્રાંતિના જનક અને વિશ્વવિખ્યાત અમૂલ ડેરી સાથે જેમનું નામ અમર થઈ ગયું છે તે ડૉ. વર્ગીસ કુરિયને ૯ સપ્ટેમ્બર, ૨૦૧૨ના દિવસે આણંદ ખાતે અંતિમ શ્વાસ લીધા. આજે તેમના વિશે લખું છું, કારણકે આજની નવી પેઢી મેકડોનાલ્ડ અને વૉલ્ટ ડિઝની વિશે ઘણું જાણે છે, પણ કમનસીબે ડૉ. વર્ગીસ કુરિયનની ખ્યાતિ અને સિદ્ધિની ઘણી વાતોથી વાકેફ નહીં હોય.

સન ૧૯૪૯માં ૧૩ મેના દિવસે એટલે કે ભરઉનાળામાં તેમનું આણંદમાં આગમન થયું. તે સરકારી નોકરી (ગવર્નમેન્ટ રિસર્ચ ક્રિમેરી)માં જોડાયા તો ખરા, પરંતુ તેમને એ નોકરીમાં જરા પણ રસ નહોતો. જોકે, નોકરી છોડી શકે તેમ નહોતા, કારણકે સરકારે તેમના શિક્ષણ માટે ખર્ચેલા રૂા. ૩૦ હજાર સરકારને પરત કરવાની તેમનામાં શક્તિ ન હતી.

આ કુંવારા મલયાલી ખ્રિસ્તી યુવાનને આણંદમાં કોઈ ઘર તો ઠીક, એક ઓરડો પણ આપવા રાજી ન હતું. ઘણા દિવસો સુધી ઘરની શોધ કર્યા બાદ પણ નિષ્ફળતા મળતાં તેમણે રેલવેસ્ટેશનની નજીક ડેરીની બાજુમાં આવેલા એક ખાલી ગૅરેજને જ ઘર બનાવી દીધું. ગૅરેજમાં વચ્ચોવચ્ચ એક ખાડો હતો, તેને પુરાવીને ભીંતમાં બારીઓ બનાવી તેમ જ કામચલાઉ શેડ તૈયાર કરી બાથરૂમ બનાવ્યું.

થોડા જ સમયમાં ડૉ. કુરિયનનો પરિચય ત્રિભુવનદાસ પટેલ સાથે થયો. તે જ ઘડીથી ડૉ. કુરિયને તેમને ગુરુ માન્યા. કુરિયનને ગુજરાતી અને ત્રિભુવનભાઈને અંગ્રેજીમાં ફાવટ ન હોવા છતાં બન્ને વચ્ચે જબ્બર તાલમેલ તથા સમજનો સેતુ રચાઈ ગયો હતો.

તેમણે ભારતીય ખેડૂતો અને પશુપાલકોને સમર્થ બનાવવા માટે તેમની પાંચ દાયકાની કારકિર્દી સમર્પિત કરી દીધી. ગુજરાતની શ્વેત ક્રાંતિની વાતો જાણીને તત્કાલીન વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ તેમને આ જ મૉડેલ ભારતભરમાં અપનાવવાને ધ્યેય બનાવવા સન ૧૯૬૪માં એનડીડીબીના સ્થાપક ચૅરમૅન બનાવ્યા હતા.

તેઓ 'અમૂલ'ની બ્રાન્ડ સાથેની ડેરી પ્રોડક્ટ્સના પ્રણેતા બન્યા જ હતા, પણ તેમની એક વૈશ્વિક ક્રાંતિની નોંધ લેવી જ જોઈએ. 'પોલસન', 'કૅડબરી', 'બ્રિટાનિયા', 'નેસલે' વગેરે આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ભારતના બજાર પર આક્રમણ કર્યું હતું ત્યારે ડૉ. કુરિયને તેમની સામે ઝીંક ઝીલવા ગાયની જગ્યાએ ભેંસના દૂધ અને ભેંસના દૂધના પાઉડરની ફૉર્મ્યુલાને સંશોધનાત્મક જન્મ આપ્યો. તેમણે અમૂલને દેશની મોટી બ્રાંડ બનાવી ભારતને વિશ્વના દૂધ ઉત્પાદક ક્ષેત્રે સ્વાવલંબન બનાવ્યો અને કિસાનને હક્ક આપ્યો.

ગુજરાતમાં પ્રથમ ડેરી સંઘની સ્થાપના માત્ર ૨૫૧ મંડળીઓ અને ૨૫૦ લિટર દૂધ સાથે થઈ, જે આજે ૧૬,૧૦૦ ગામડાંમાં ૩૨ લાખ ખેડૂત સભાસદો ધરાવે છે તથા રોજનું સરેરાશ ૧૦૦ લાખ લિટર કરતાં પણ વધુ દૂધ એકઠું કરે છે.

કુરિયનસાહેબ જેટલા પ્રામાણિક હતા તેટલા જ પુરુષાર્થી હતા. હોદ્દા પર રહ્યા ત્યારથી નિવૃત્તિ સુધી માસિક રૂ. ૫૦૦૦ અને નિવૃત્તિ બાદ એક રૂપિયો ટોકન માનદ્ વેતનથી તેમણે દૂધની સહકારી પ્રવૃત્તિને જીવન સમર્પિત કર્યું. પોતે આખી જિંદગી ગુજરાતમાં કાઢી છતાં ગુજરાતી શીખવા માટે સમય કાઢી શક્યા નહોતા એનો નિખાલસ વસવસો તેમણે એક કાર્યક્રમમાં વ્યક્ત કર્યો હતો. કાકાસાહેબ કાલેલકર, વાસુદેવ માવળંકાર અને ફાધર વૉલેસની પેઠે ડૉ. કુરિયન એક સવાઈ ગુજરાતી બની રહ્યા.

'અમૂલ' બ્રાન્ડ આજે અ-મૂલ બની છે. ત્યારે દૂધના સહકારી ક્ષેત્રને સરકારનો એરુ આભડી ન જાય તેની સતત કાળજી રાખવી એ દૂધ ઉત્પાદક તથા ગ્રાહક બન્નેએ ધ્યાન રાખવું એ જ કુરિયનસાહેબને સાચી અંજલિ છે.

ભલે તેમને રાજ્યનું અંતિમ રાજકીય સન્માન ન મળ્યું, પરંતુ ગુજરાતના લોકોનાં દિલ અને દિમાગમાં તેઓ સદાય ચિરંજીવ રહેશે. મરણોત્તર 'ભારતરત્ન' અપાય એ જ આ દૂધગંગાના ભગીરથનું ઉચિત સન્માન ગણાશે.

*સંકલન : લલિતકુમાર શાહ*


**પંચગનીમાં સ્વાદીષ્ટ ઘર જેવુંજ જમવા માટે પધારો**

**"ફુડ વિલે રસોઈ"** સીડની પોઈન્ટ પાસે, પંચગની હાઈવે ટચ.
સવાર - સાંજની મજેદાર શુધ્ધ જૈન / વૈષ્ણવ થાળી.

**"ફુડ વિલે ફાસ્ટ ફુડ રેસ્ટોરંટ"** – મેઈન બજારમાં વેજી. માર્કેટ સામે
સવાર - બપોરે - સાંજ - સ્પેશ્યલ ચા - કોફી, નાસ્તા, કોલ્ડીંક્સ, પાંવ ભાજી, પીઝા, પાસ્તા, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ અને અમારી સ્પેશ્યલ મીસળ પાવ તથા મુંબઈ - ભેલપુરી - પાણીપુરી.

**"જયંતીલાલ ચંદુલાલ શાહ"** મેઈન બજારમાં વેજીટેબલ માર્કેટ સામે
૬૦ વર્ષ જુના અને જાણીતા રીટેલ, હોલસેલ ઉત્તમ કવોલીટીનાં અનાજ માટે બર્થડે પાર્ટી, કીટી પાર્ટી, લગ્ન, શુભ પ્રસંગો માટે અમારી કેટરીંગ સર્વીસ ચાલુ છે.
તથા ૧ થી ૫ બી.એચ.કે નાં બંગલાઓ / ફ્લેટ ભાડેથી મળશે, અગાઉથી બુકિંગ કરીઆપશું.

PURE VEG.
FAST FOOD RESTAURANT

**સંપર્ક :- ફોન : ૦૨૧૬૮૨૪૦૩૬૦ • મોબાઈલ : ૦૯૪૨૨૬૦૪૪૩૩ / ૯૮૩૩૫૧૧૫૫૧**

senso
*Vegetarian Shoes*



FULL ON FASHION
FREE OF FANIMALS

NOW OPEN
IN MULUND
& ANDHERI

Step into Senso: India's first and only vegetarian footwear.

**Store Location:** Shop No.1, Moti Nagar, LBS Marg, Mulund West, Mumbai - 400080, Maharashtra, India.
Tel:**022 - 25611995 / 7 / 8** Fax:**022 - 25611996**
**Landmark:** Next to Nirmal Lifestyle Shopping Mall

**Also Available At:** Kamdhenu Department Stores Pvt. Ltd., 4 Bunglow, Andheri West, Tel:**022 - 26333333.**

**Email: inquiries@sensoveg.com, www.sensoveg.com**

# One solution for all your Fire Protection needs

NITIN FIRE PROTECTION ENGINEERS



Fire Extinguishers



Fire Detection & Alarm Systems



High Pressure Seamless Steel Cylinders

Gaseous Fire Suppression Systems



ADVT

## NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED

FIRE PROTECTION ENGINEERS

Protecting Your most Valuable Assets.













NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED

CORPORATE HEAD QUARTER

501, Delta, Technology Street, Hiranandani Gardens, Powai, Mumbai 400 076. INDIA
Tel.: +91 22 4045 7000 Fax : +91 22 6692 0910
Email : nitinfire@vsnl.com Website : http://www.nitinfire.com

ADVT

# જૈન જાગૃતિ સેન્ટર

## • જુહુ બીચ • બીચસાઈડ • સી સાઈડ

યુવક યુવતિ પરિચય મિલન

## જૈન ધર્મના ચારે ફીરકાઓના લગ્નોત્સુક યુવક – યુવતીઓનો પરિચય મિલન સમારોહ

**તા. ૧–૧૨–૨૦૧૨, શનિવાર, બપોરે ૩–૦૦ થી**

**સ્થળ : જલારામ / ગાંધી રજવાડી હોલ,**

જોગર્સ પાર્કની બાજુમાં, જુહુ સ્કીમ રોડ નં. ૬, વિલેપાર્લા (વે), મુંબઈ – ૪૦૦૦૪૯.

સગપણ કરવું, સગાઈ કરવી એ દરેક પરિવારમાં ઉત્સાહ–ઉમંગની વાત છે. મંગલ પ્રસંગ જીવનમાં વારે વારે આવતા નથી, પણ આજના સમાજમાં દેખાદેખી વધી ગઈ છે. કાળઝાળ મોંઘવારીએ માઝા મુકી છે. નાનો માણસ કે મધ્યમ વર્ગના પરિવારો ભિંસાઈ જાય છે. તમાચો મારી પોતાનો ગાલ લાલ રાખતા હોય છે.

આવા કપરા સમયે **જૈન જાગૃતિ સેન્ટર જુહુ બીચ – બીચસાઈડ – સી સાઈડ** દ્વારા એક ભવ્ય યુવક–યુવતિ પરિચય મિલનનું આયોજન થઈ રહયું છે. ચારે ફિરકાઓના યુવક–યુવતિ પરિચય મિલન પ્રસંગે યુવક–યુવતિના સંપુર્ણ બાયોડેટા સાથે એક **પરિચય પુસ્તિકા**નું પણ પ્રકાશન કરવામાં આવશે. દરેક ઉમેદવારને એક કોપી આપવામાં આવશે.

યુવક–યુવતિ પરિચય મિલન સમારોહમાં વહેલા તે પહેલાના ધોરણે ફકત ૧૨૫ યુવક તથા ૧૨૫ યુવતિને જ લેવાના છે. જો આપના પરિવારમાં, સગાવ્હાલા કે સ્નેહીજનોમાં કોઈપણ અપરિણીત જૈન યુવક–યુવતી પરિચય મિલન સમારોહમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા હોય તો જરૂરથી **પાછળ જણાવેલ સંપર્ક સ્થળે તુરંત જ સંપર્ક સાધશો.**

**✻ પ્રવેશ ફી ઉમેદવાર : ૧+૧ માટે રૂા. ૧૦૦૦/– (પ્રવેશ+ભોજન+પુસ્તિકા) ✻**

**✻ ઉમેદવારના અન્ય વડિલ (૧) માટે રૂા. ૪૦૦/– (ફકત પ્રવેશ+ભોજન) ✻**

ઉપરોકત પ્રવેશ ફી માં ઉમેદવારને પ્રવેશ પાસ, સ્વરૂચી ભોજન તથા પરિચય પુસ્તિકા આપવામાં આવશે.
ઉમેદવારના એક વડિલને ફકત 'પ્રવેશ પાસ' તથા 'ભોજન પાસ' જ આપવામાં આવશે.
યુવક – યુવતિ પરિચય મિલન કાર્યક્રમની સંપૂર્ણ સ્પોન્સરશીપ તથા
પરિચય પુસ્તિકા માં જાહેરાત આવકાર્ય છે.

### જાહેરખબરનાં દર

આર્ટ પેપર (FULL PAGE) : ૧૦,૦૦૦/–

FULL PAGE સાદા પેપર ઉપર : ૫,૦૦૦/–, HALF PAGE સાદા પેપર ઉપર : ૩,૦૦૦/–

**Mobile : +91-9322235049-9821026289-9324153396-9820414472
9324145721-9821040426-9320013861-9820338301
9821035604-9821041750-9820150520-9820520990-996948854**

ADVT

## યુવક – યુવતી પરિચય મિલન સમારોહના નિયમો

(૧) આ ફોર્મમાં સંપૂર્ણ માહિતિ સ્વચ્છ તથા વાંચી શકાય તેવા અક્ષરોમાં લખવી. છેકછાક કરવી નહિ. અધુરી માહિતી વાળા ફોર્મ રદ્દ કરવામાં આવશે.

(૨) ફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝના બે કલર ફોટા અને એક ફુલ સાઈઝ ફોટો મોકલવાનો રહેશે.

(૩) આ ફોર્મમાં સત્ય માહિતી જ લખવી. ખોટી માહિતિ સાબીત થશે તો તેની જવાબદારી વાલી તેમજ ઉમેદવારની રહેશે.

(૪) આ મિલન મેળામાં ઉપસ્થિત રહેવા માટે કોઈ આમંત્રણ કાર્ડ કે પત્ર મોકલવામાં આવશે નહિ.

(૫) આ યુવામેળામાં ઉમેદવાર સાથે ૧ જવાબદાર વ્યકિત હાજર રહી શકશે. વધારે વ્યકિતના રૂા. ૪૦૦/– ભરવાના રહેશે.

(૬) આપેલ રસીદ કાર્યક્રમના દિવસે સાથે લાવવી. રસીદમાં જણાવ્યા પ્રમાણે પ્રવેશપત્ર કાર્યક્રમ સ્થળે બપોરે ૩–૦૦ વાગે આપવામાં આવશે. ફોર્મ પરત આપવાની **છેલ્લી તારીખ : ૧૦–૧૧–૨૦૧૨** નકકી કરવામાં આવેલ છે.

(૭) આ ફોર્મ ભરનાર યુવક યુવતિ એ સંમેલનમાં હાજરી આપી સ્ટેજ ઉપર આવવાનું ફરજીયાત રહેશે.

(૮) આ કાર્યક્રમ સંમેલનના દિવસે બપોરના ૩–૦૦ વાગે ચા–કોફી–નાસ્તો તથા સાંજના ૬–૦૦ વાગે સ્વરૂચી ભોજન ની વ્યવસ્થા રાખેલ છે.

(૯) રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦૦/– બે વ્યકિતના (ઉમેદવાર + વડીલ)(રજીસ્ટ્રેશન ફી માં પ્રવેશ, ચા–નાસ્તો, સ્વરૂચી ભોજન સામેલ છે. રજીસ્ટ્રેશન ફી રોકડેથી ભરવાની રહેશે.

(૧૦) યુવક–યુવતિ ની **પરિચય પુસ્તીકા** કાર્યક્રમના દિવસે ફકત ઉમેદવારને જ નિઃશુલ્ક આપવામાં આવશે.

(૧૧) અનિવાર્ય સંજોગોમાં કાર્યક્રમમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ હકક સંસ્થા પાસે રહેશે.

(૧૨) કોઈપણ આકસ્મીક આપત્તિ માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ.

### ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન ફી સાથે નીચેના સરનામે આપી શકાશે

**(૧) જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ઓફિસ**
૨૦૧, મથારૂ આર્કેડ, ગરવારે પાસે, એકિસસ બેંકની ઉપર,
સુભાષ રોડ, વિલે પાર્લે (ઈ), મુંબઈ–૪૦૦ ૦૫૭.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૫ કલાકે

**(૨) વિલે પાર્લે (ઈસ્ટ) – ભારત હાર્ડવેર સ્ટોર્સ**
એ–૫, અગ્રવાલ માર્કેટ, દીનાનાથ મંગેશકર હોલની સામે,
વિલે પાર્લે (ઈ), મુંબઈ–૪૦૦ ૦૫૭.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૬–૩૦ કલાકે

**(૩) વિલે પાર્લે (વેસ્ટ) – કોટક સિકયુરિટીઝ પ્રા. લિ.**
કવીન્સ લૉન, સોની મોનીની સામે, એસ.વી.રોડ, વિલે પાર્લે (વેસ્ટ)
મુંબઈ–૪૦૦ ૦૫૬. સમયઃ સવારે ૧૧ થી સાંજે ૫ કલાકે

**(૪) અંધેરી (વેસ્ટ) – નિશીત એસ. સેઠ**
૭–બી, પંકજ, અંધેરી કો.હા.સો. લિ., વી.પી. રોડ, ઓફ જુહુ લેન,
અંધેરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૮.
સમયઃ સવારે ૧૦ થી ૧૨, સાંજે ૬ થી ૯ કલાકે

**(૫) અંધેરી (ઈસ્ટ) – શરદ ડી. શાહ**
૩, જયશ્રી સદન, પહેલે માળે, ઓલ્ડ નાગરદાસ રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૯.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૫ કલાકે

**(૬) સાંતાક્રુઝ (વેસ્ટ) – કિર્તી કે. શાહ**
૨૦૩, વેદકબીર, બીજે માળે, ૯૫–બી, ઈન્દિરા નારાયણ ક્રોસ લેન,
ઓફ લિંકિંગ રોડ, સાંતાક્રુઝ (વે), મુંબઈ–૪૦૦ ૦૫૪.
સમયઃ સવારે ૧૦ થી ૧, સાંજે ૭ થી ૯ કલાકે

**(૭) સાંતાક્રુઝ (વેસ્ટ) – વિભૂતિ ઝેરોકસ**
શોપ નં. ૧,૨, હાઈ લાઈફ મોલ, શબરી હોટલની સામે,
સર પી.એમ. રોડ, સાંતાક્રૂઝ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૪.

**(૮) સાંતાક્રુઝ (ઈસ્ટ) – એશિયન ઓપ્ટિશિયન**
નંદીશ એપાર્ટમેન્ટ, રેલવે સ્ટેશનની સામે, સાંતાક્રુઝ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦ ૦૫૪. સમયઃ સવારે ૧૧ થી સાંજે ૭ કલાકે

**(૯) ખાર (વેસ્ટ) – અરિહંત ટ્રેડર્સ**
પ્લોટ નં. ૯૭, શૉપ નં. ૨, પુષ્પ વર્ષા સોસાયટી, એસ.વી. રોડ,
ખાર (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૨.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૬ કલાકે

**(૧૦) માટુંગા (સે.રે.) – નિર્મલ એસ. શાહ**
૧૪, શાંતિ નિકેતન, ૩૨૨, ડો. આંબેડકર રોડ, માટુંગા (ઈ),
મુંબઈ–૪૦૦ ૦૧૯. સમયઃ સવારે ૧૧ થી સાંજે ૬ કલાકે

**(૧૧) દાદર (સે.રે.) – કેતન ગાલા**
૧૫–એ, મોઢવણિક વિદ્યાર્થી ભવન, યોગી સભાગૃહની સામે,
દાદર (સે.રે.), મુંબઈ–૪૦૦ ૦૧૪.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૫ કલાકે

**(૧૨) ઘાટકોપર (ઈસ્ટ) – નારી ફેશન,**
૮, લક્ષ્મી પેલેસ, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ),
મુંબઈ–૪૦૦ ૦૭૭. સમયઃ સવારે ૧૧ થી સાંજે ૭ કલાકે

**(૧૩) ઓપેરા હાઉસ – માઈક્રો મોટર્સ**
૧૦, મીરાબાઈ બિલ્ડિંગ, પહેલે માળે, ડો. ડી.ડી. સાઠે માર્ગ,
પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૭ કલાકે

**(૧૪) મરીન લાઈન્સ – રોયલ કેમિસ્ટ**
૮૯/એ, કવીન્સ ચેમ્બર્સ, એમ. કાર્વે રોડ, મરીન લાઈન્સ,
મુંબઈ–૪૦૦ ૦૨૦. સમયઃ સવારે ૧૧ થી સાંજે ૬ કલાકે

**(૧૫) ફોર્ટ – મોનેકસ સ્ટેશનર્સ**
૧૩–ડી, ફેઅરી મનોર બિલ્ડિંગ, ગનબો સ્ટ્રીટ, સિટી બેંકની પાસે,
ફોર્ટ, મુંબઈ–૪૦૦ ૦૦૧.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૭ કલાકે

**(૧૬) ગોરેગાવ (વેસ્ટ) – મહાવીર બિઝનેસ સિન્ડિકેટ**
શોપ નં. ૧૦, વિનય કુમકુમ કોમ્પલેકસ, લલિત હોટલની સામે,
સ્ટેશન રોડ, ગોરેગાવ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૨.
સમયઃ સવારે ૧૧ થી સાંજે ૮ કલાકે

**(૧૭) મલાડ (વેસ્ટ) – સર્વોદય ગ્રુપ**
સર્વોદય ભવન, રામચંદ્ર લેન એક્ષસટેંશન, મલાડ (વે),
મુંબઈ–૪૦૦ ૦૬૪. સમયઃ સવારે ૧૧ થી સાંજે ૬ કલાકે

**(૧૮) બોરીવલી (વેસ્ટ) – શાહ જ્વેલ્સ**
ડી–૪૯, મહાવીર નગર, ફેકટ્રી લેન, એલ.ટી. રોડ,
એમ. કે. હાઈ સ્કૂલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨.

**આપ www.jainjagruti.com પરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી શકો છો અને તમે ભરેલું ફોર્મ scan કરીને jjcyuvamela@gmail.com પર અમોને મોકલી શકો છો, જેથી અમો આગળની કાર્યવાહી કરી શકીએ.**

## શ્રદ્ધાંજલિ



### અ.સૌ. મણિબહેન કેશવજી ઉમરશી છાડવા
(ઉં. વ. ૮૨)

જે જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે. ફક્ત દરેક જીવનો જન્મ અને મરણ વચ્ચેનો સમયગાળો તેના આયુષ્યકર્મને આધીન હોય છે અને સૌથી મહત્ત્વનું એ છે કે આપને મળેલ આ સમયગાળામાં આપ કેવું જીવન જીવ્યા, પુણ્યના કેટલાં ભાથાં બાંધ્યાં અને પાપથી કેટલા હળવા થયા.

અમારા જેજેસી-સેન્ટ્રલ બોર્ડના મંત્રી, ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને જેજેસી-ચેમ્બુરના પ્રમુખ શ્રી જયંતીભાઈ કેશવજી છાડવાનાં માતુશ્રી અ.સૌ. મણિબહેન કેશવજી ઉમરશી છાડવાનું દુ:ખદ અવસાન તા. ૧૫-૯-૨૦૧૨ના દિવસે થયું. ૬૬ વર્ષના લગ્નજીવન દરમિયાન પતિ શ્રી કેશવજીભાઈને તેનાં સમાજલક્ષી દરેક કાર્યોમાં સતત પ્રેરણા, સહયોગ અને પીઠબળ આપતાં હતાં. દરેક સંતાનોમાં સુસંસ્કારનું સિંચન કરી તેમને પણ વડીલોના પંથે આગળ કર્યા.

ચેમ્બુર તીર્થાધિપતિ શ્રી આદિનાથ દાદાના પરમ ભક્ત, દરેક સાધુ-સાધ્વીની ઉચ્ચ કોટીની વૈયાવચ્ચ કરનાર, દીન-દુ:ખી પરિવારોને નિરંતર સહાય કરનાર, મૃદુભાષી અને હંમેશાં હસમુખ ચહેરો ધરાવનાર માતુશ્રી મણિબહેન છાડવાના અવસાનથી ફક્ત છાડવા પરિવાર નહીં સમગ્ર જેજેસી પરિવાર શોકની લાગણી અનુભવે છે.

માતુશ્રી મણિબહેનનો આત્મા સત્વરે મોક્ષગામી બને અને છાડવા પરિવારને સંકટ સમયે દુ:ખ સહન કરવાનું બળ મળે એ જ પરમ કૃપાળુ, પરમાત્મા પાસે પ્રાર્થના...

**લિ. જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના**
**પદાધિકારીઓ તથા ટ્રસ્ટીગણ**

## શ્રદ્ધાંજલિ



### માતુશ્રી મંજુલાબહેન ભાઈલાલ શાહ
(ઉં. વ. ૯૧)

''શ્રી સિદ્ધિના સોપાન ચડતાં,
પુણ્યનું ભાથું બાંધી ગયા,
નવકારનું ધ્યાન ધરતાં,
ઓચિંતા અનંતમાં વિલીન થઈ ગયા,
વિરહની વેદનામાં તડપતાં અમોને,
અશ્રુધોધ વહેવડાવી ગયા,
નવ પલ્લવીત અમ જીવન વેલને અજાણતા મુરઝાવી ગયા,
ચંદ્રની શિતળ ચાંદનીમાં સર્વેને રાખી,
દહેકતા અંગારા પર ચાલ્યા ગયા,
દુ:ખ દર્દમાં સદાય સહભાગી,
પરમાત્માને પામી ગયા,
લાખ ચોરાશીના ભવ ફેરાને,
સત્કર્મોની સુવાસથી ટાળી ગયા,
અમારા પરિવારના વટવૃક્ષ જેવા,
પરમ સ્વરૂપ પામી ગયા,
શીશ નમાવીએ એમના ચરણોમાં,
ધન્ય ઘડી અમોને આપી ગયા.''
''પરમ કૃપાળુ પરમાત્મા
આપના પુણ્યાત્માને ચિર:શાંતિ અર્પે''

**લિ. જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના**
**પદાધિકારીઓ તથા ટ્રસ્ટીગણ**

# શ્રધ્ધાંજલી

| જન્મ | | અરિહંતશરણ |
| --- | --- | --- |
| ૨૨.૦૮.૧૯૨૧ | | ૦૩.૧૦.૨૦૧૨ |



## માતુશ્રી મંજુલાબેન ભાઈલાલ શાહ (ઉ.વ. ૯૧)

(વઢવાણ નિવાસી હાલ કાંદિવલી)
શ્રધ્ધાંજલી શબ્દ બોલતાં હૈયું તૂટે છે, શબ્દ લખતાં શબ્દો ખૂટે છે.
જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે
કર્મ એવા કર્યા કે સૌના હ્યદયમાં ગુંજ્યા કરે
દુ:ખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં
સૌના હ્યદયમાં હસતા રહયા, સૌના હ્યદયમાં વસતા રહયા,
જેમનું વ્યક્તિત્વ એટલે સફળતાની સીડીનું પગથિયું
જેમનું જીવતર એટલે સમગ્ર પરિવાર ને રાહ દેખાડી ગયું.
જેમનું સંસ્કારો નું વાવેતર આજે સમગ્ર પરિવાર ને દીવાદાંડી
સમ બની રહયું છે એવા આત્માને પરમાત્મા દિવ્ય
શાંતિ અર્પે એ જ અભ્યર્થના આપને ભવોભવ
જિનશાસન મળે તેવી ભાવભરી શ્રધ્ધાંજલી....

જેઠ-જેઠાણી : સ્વ શાંતાબેન વૃજલાલ રતિલાલ શાહ
નણંદ- નણંદોઈ : સ્વ. લલિતાબેન કાન્તીલાલ પદમશી શાહ
ભાઈ - ભાભી : સ્વ. લિલાવતી મનસુખલાલ મગનલાલ શાહ
પુત્ર - પુત્રવધુ : સ્વ. કિરીટ - સરોજ, સંજય - રેખા, નિખિલ - રીના, ચેતન
પુત્રી - જમાઈ : વર્ષા (વીણા) - ભાસ્કર, ડૉ. રન્ના - ડૉ. બિપિન, નીતા - હરેશ
પૌત્ર - પૌત્રીઓ : હેતલ -અભિક, ઉર્મિ - કિમાંશુ, શ્વેતા - મનન, વિશાલ - શ્રેયા,
મીંરા - પારસ, કરણ તથા રૂષભ.
દોહીત્ર-દોહિત્રી : ડૉ. નેહલ - સુહેલ, ડો. તેજસ - ડૉ. ખુશ્બુ, ડૉ. ઝંખના - ડૉ. યતીન,
ભાવીન - ડૉ. નિધિ, દિપલ, નિધિ તથા યશ.
અક્ષત, સેહર, આન્યા, ઝીયા, રીયા, ધ્યેય, મુંજાલ, સૌન્યા, તથા વિહાના પરનાનીમાં
અને નિવાનના પરદાદીમા.

**જૈન જાગૃતિ સેન્ટર કાંદિવલી - કારોબારી કમિટિ**

M/s. Sanjay B. Shah
M/s. Arihant Investment
M/s. Vishmee Consultants
M/s. Vishkar Consultants
M/s. Guideline Travels

# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ

જીવનમાં ઊંચા લક્ષ્યાંકોને આંબવા માટે
સફળતાની સીડીના લક્ષ્યાંકે
પહોંચવા માટે

## જીવન જીવવાની સફળ કળા



પ્રવક્તા : પ્રખ્યાત મૅનેજમેન્ટ ગુરુ

## શ્રી જગદીશ જોષી

નેશનલ-ઈન્ટરનેશનલ બ્રાન્ડસને તેમના કન્સલ્ટિંગ દ્વારા
ઝીરોમાંથી હીરોપદ મળ્યું છે, આપ પણ એ પદ મેળવી શકો છો.

**મેળવવું છે ? તો મળીએ...**

**રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૨, સવારે ૯.૩૦ કલાકેથી...**

## સન્મુખાનંદ હૉલ

કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**ફક્ત જૈન જાગૃતિ સેન્ટરો માટે જ**

**ભણવાનું સૌ જાણે છે, પરંતુ શું ભણવું જોઈએ તે જાણતા નથી... શા માટે ? ? ?**

**(માણસમાં વિચાર કરવાની ક્ષમતા છે, પણ તેથી દરેક માણસ વિચાર કરે જ તેવું નથી – આ લેખ વાચકને વિચાર કરવામાં સહાયક નીવડે તેવી આશા...)**

# વિચાર

'કાગજ સે નીકલ કર બાતોં કો જીવન મેં આને દો
શબ્દો મેં જો કહના હૈ ઇન્હેં વિચારો સે કહેને દો.'

પ્રેમ અને વિચારમાં જે શક્તિ છે એ બીજા કશામાં નથી. કોઈ સંસ્થામાં નથી, સરકારમાં નથી, કોઈ જાતના વાદમાં નથી, શાસ્ત્રમાં નથી, શસ્ત્રમાં નથી. આ દુનિયામાં વિચાર કરતાં કશું જ બળવાન નથી. કોઈ શસ્ત્ર તેનો નાશ કરી શકતું નથી, કોઈ સત્તા તેને હરાવી શકતી નથી, સિવાય કે બીજા વિચારનું બળ.

આજના આ વ્યસ્ત જીવનમાં વિચારવાની કળા ઘણી પાછળ પડી ગઈ છે, ત્યારે કદાચ તમે કોઈ નવો વિચાર ન વિચારી શકો તો જૂના વિચારનો વધારે સારી રીતે ઉપયોગ કઈ રીતે થઈ શકે તે નવી રીતે વિચારો તોપણ તમે પ્રગતિ કરી શકો. (કેટલાક લોકો વિચારને પંપાળે છે તો કેટલાક કામે લગાડે છે.) તમે કંઈક કરવા સાટુ હાથ અજમાવ્યો હોય અને નિષ્ફળ નીવડ્યા હો તો બીજો શ્રેષ્ઠ માર્ગ છે ભેજું અજમાવી જુઓ. આપણામાં કહેવત છે કે જે બળથી ન થાય તે કળથી થાય.

તમે જે છો તેનાથી તમને સંતોષ હોય તો તમારે તમારા આદર્શ અને વિચાર પલટી નાખવા જોઈએ. જેવું જૂની દવાઓનું છે તેવું જ જૂના વિચારોનું છે. એકવાર તેનો હેતુ પૂરો થઈ જાય તે પછી એને સાચવી રાખવામાં જોખમ છે. વૃદ્ધાવસ્થાથી વેગળા રહેવું હોય તો નવા નવા વિચારોને પ્રવેશવા દો અને જૂનીજૂની આદતોને કાઢતા રહો. જે માણસનું મન એક જ પાટા પર દોડતું હોય તેના વિચારની ટ્રેન ઘણી વાર પાટા પરથી ઊતરી જાય છે. જે મસ્તક પૂર્વગ્રહથી ભર્યુંભર્યું હોય તેમાં નવો વિચાર દાખલ કરવો એ બહુ કઠણ કામ છે. કુદરત ક્યાંય શૂન્યાવકાશ સર્જવા દેતી નથી, જે મસ્તકમાં ભેજું હોય ત્યાં અહંકાર ઘૂસી જાય છે અને જ્યાં મગજ ખાલી હોય ત્યાં કિન્નાખોર વિચારો ઘૂસી જાય છે. આપણા જીવનમાં અડધોઅડધ ભૂલો કઈ રીતે થાય છે? કે જ્યારે આપણે વિચાર કરવો જોઈએ ત્યારે લાગણીથી દોરવાઈએ છીએ.

કેવા વિચારો ન કરવા એની સમજ પણ એક બૌદ્ધિક સદ્‌ગુણ છે (કહેવત છે ને કે વિચાર તેવા આચાર). છીછરા વિચારો કરનારો કદી ઊંડી છાપ પાડી શકતો નથી. મોટા ભાગના લોકોની મુશ્કેલી એ છે કે તેઓ હર વખત વિચાર કરે છે ત્યારે પોતાના જ વિચાર કરે છે અને કોઈ પણ વ્યક્તિ જ્યારે પોતાના વિષે વધુ વિચારે ત્યારે પૂરતું વિચરતો નથી. ઘણા લોકોને વિચારના ખોરાક પ્રત્યે ભારે એલર્જી હોય છે. જેમ સુઘડ પોશાકમાં લપેટાયેલા મૂરખાઓ હોય છે તેમ સુઘડ શબ્દોમાં લપેટાયેલા મૂરખ વિચારો પણ હોય છે. એક મોટી ખામી આપણે ત્યાં બહુ જોવા મળે છે કે વિચારોની આવકના પ્રમાણમાં શબ્દોની વધુપડતી જાવક. એ લોકોની ખબર નથી કે તમે સારી રીતે ત્યારે જ વિચારી શકો જ્યારે તમે આંખ મીંચી દો અને મોં પણ.

તમામ મહાન વિચારો અત્યંત વિવાદાસ્પદ રહ્યા છે, એક વેળા તો ખરા જ. તમારો નવો વિચાર કેટલો સંગીન છે તે તમારે જાણવું હોય તો ત્યારે તે સાંભળતા જ સામાના મનમાં ઈર્ષ્યા ઉદ્‌ભવે છે કે નહીં તે જુઓ. હર વખત કોઈ વ્યક્તિ નવીન વિચાર વ્યક્ત કરે ત્યારે તેને દસ માણસ એવા મળશે કે જે કહેશે, મને પણ આવો વિચાર આવ્યો હતો – પણ માત્ર વિચાર જ, બીજું કશું જ આગળ નહીં. ઘણી વાર નવા વિચારવાળો માણસ ત્યાં લગી ચક્રમ જ ગણાવાનો જ્યાં લગી એ વિચાર સફળ ન થાય.

અનિશ્ચિત બાબતો પર નિશ્ચિત અભિપ્રાય હોવા એ પણ વિચારશક્તિની ઊતરતી કક્ષા છે. ઘણા લોકો પોતાના અભિપ્રાયને વિચાર તરીકે માની લેવાની ભૂલ કરતા હોય છે. વિચારોનું બાળક જેવું છે. તમને ભલે બીજાના વિચારો ખૂબ ગમે તોપણ તમને તમારા જ વિચારો વહાલા લાગવાના.

ઘણાં કારખાનાંમાં મોટા ભાગની સમસ્યાઓ કેમ ઊભી થાય છે? જેઓ કામદારો છે તેઓ વિચાર કરતા નથી અને વિચાર કરી શકે તેવા છે તે કામ કરતા નથી. વિચારની બાબતમાં હંમેશાં યાદ રાખજો કે તમારા વિચારોનું કોઈના પર આક્રમણ ન કરતા. તમારા વિચાર પસંદ ન પડે છતાં કોઈ માની લે તો તમને થોડી ગ્લાનિ થવી જોઈએ અને વિચાર પસંદ પડી ગયા પછી પણ જો કોઈ આચરણમાં ન ઉતારે તો તમારે આશા રાખવાની કે આજે નહીં તો કાલે તેઓ આચરણમાં અવશ્ય ઉતારશે.

અને અંતમાં... જે માણસ પોતાના માટે વિચાર કરવામાં બહુ આળસુ હોય તેણે લગ્ન કરી નાખવા જોઈએ.

*લિ. કિરણ શાહ*
*પૂર્વ ચૅરમૅન*

# દિવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત

■ ગુણવંત બરવાળિયા

ધનતેરસથી ભાઈબીજ સુધીનાં પાંચ પર્વોના સમૂહને આપણે દીપોત્સવી પર્વરૂપે ઊજવીએ છીએ. બે વર્ષના સંધિકાળનું પર્વ એટલે દિવાળી. વીતેલા જૂના વર્ષને વિદાય અને નૂતનવર્ષના સ્વાગતનો પર્વસમૂહ એટલે દીપાવલી.

ભગવાન મહાવીરનો અંતિમ કાળ, નિર્વાણ સમય હવે નજીક છે એમ જાણી કેટલાય દેશના રાજાઓ તેરસની સંધ્યા સમયે ભગવાનનાં દર્શન કરવાના ભાવથી પાવાપુરી નગરીના સીમાડે પોતાના રસાલા સાથે એકત્ર થયા. ગોરજના સમયે વગડામાંથી ચરીને ગાયો પાછી આવી રહી હતી. સામે મોટી સંખ્યામાં માણસોનું ટોળું જોઈ ગાયો ભયભીત બની નાસભાગ કરવા લાગી તેથી તે દિવસને 'ધણતેરસ' પણ કહેવાય છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવે છે અને આ દિવસથી ગાયોના ધણની પૂજા કરવાની પરંપરાની શરૂઆત થઈ.

ધન-લક્ષ્મીની પૂજા કરવાને કારણે ધનતેરસ કહીએ છીએ, પરંતુ તે સમયના ભવ્ય જીવોએ તો તીર્થંકરના સમવસરણમાં તેમની નિશ્રામાં તેરસને 'ધન્ય તેરસ' બનાવી દીધી.

લૌકિક પર્વોના સંદર્ભે આસો વદ ચૌદશને 'કાળીચૌદશ' કહે છે. રાત્રિના દેવોને વશમાં લેવા તાંત્રિકો મંત્રસાધના કરે છે. ભૌતિક સ્વસુખ માટે પરપીડન કરી સાધનાનો દુરુપયોગ કરનારની આવા અમાનુષી કૃત્યને કારણે દુર્ગતિ થાય, પરંતુ સાધના દ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યાનો કલ્યાણમય ઉપયોગ કાળી રાતે પણ માનવતાનાં અજવાળાં પ્રગટાવશે.

ભૂતાનની દક્ષિણે આવેલા આસામ સુધીનો પ્રદેશ પ્રાગજ્યોતિષ ક્ષેત્ર તરીકે જાણીતો હતો. અહીં નરકાસુર નામે દુષ્ટ રાજા પ્રજાને રંજાડતો હતો. તેણે સોળ હજાર રાજકન્યાઓને પોતાના મહેલમાં કેદ કરી હતી. સત્યભામાએ આ સ્ત્રીમુક્તિ અભિયાનમાં પોતાને સહકાર આપવા શ્રીકૃષ્ણને વિનંતી કરી. રથમાં સત્યભામા આગળ અને શ્રીકૃષ્ણ પાછળ, યુદ્ધ થયું. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો તેથી આ દિવસને નરક ચતુર્દશીરૂપે પણ ઓળખે છે. આ દિવસે શ્રમણ ભગવાન મહાવીરે સોળ પ્રહર સુધીની અંતિમ પ્રવચન શ્રેણીનો પ્રારંભ કર્યો હતો. તેથી આ દિવસને 'રૂપ ચતુર્દશી'રૂપે પણ ઓળખવામાં આવે છે. આ દિવસોમાં ભગવાનની એ દિવ્ય દેશનાને આત્મસાત્ કરીએ તો; અંતરનાં અંધારાં ઉલેચાશે, મિથ્યાત્વની કાલિમા જશે અને ચૌમુખી દીપ જેવું સમ્યક્ત્વનું રૂપ પ્રગટશે.

ભારતીય સંસ્કૃતિનાં લોકપર્વોમાં દીપાવલી મહાપર્વ છે. ભારતવર્ષના લગભગ બધા જ લોકો વર્ણો, પ્રાંત અને ભાષાના ભેદ વિના દિવાળી પર્વ ઊજવે છે. યુગપુરુષ શ્રીકૃષ્ણનો નરકાસુર પર વિજય, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો રાવણ પર વિજય, લોકપ્રિય રાજા વિક્રમાદિત્યનો શકો અને હૂણો પર વિજય, આમ દિવાળીનાં પર્વો પાછળ આ વિજયગાથાની કથાઓ સંકળાયેલી છે, જે આસુરીશક્તિ પર દૈવીશક્તિના વિજયનું પ્રતીક છે.

દિવાળીના રાત્રિના પાછલા પહોરે ભગવાન શ્રી મહાવીરનું નિર્વાણ થયું. પોતાના આત્મા પર રહેલાં કષાયો અને કર્મો પર વિજય મેળવી, પ્રભુની આત્મજ્યોતિ પરમાત્મ પ્રકાશમાં વિલીન થઈ ગઈ. તીર્થંકર ભગવાન પોતાની જાત પર મેળવેલા વિજયને પૂર્ણ વિજય ગણે છે.

ભગવાનના મોક્ષાગમનને કારણે તેમના દેહી ચૈતન્યનો દીપક વિશ્વચૈતન્યની જ્યોતમાં વિલીન થવાથી, પાવાપુરી નગરીમાં અઢાર દેશના ગણરાજાઓએ દ્રવ્ય દીપક પ્રગટાવ્યા અને દિવાળી પર્વ થયું.

બળીરાજા એક આદર્શ રાજા હતા. જીવહિંસા, સુરાપાન, વ્યભિચાર, ચોરી, વિશ્વાસઘાત જેવાં દૂષણો તેના રાજ્યમાં ન હતાં. બટુક બ્રાહ્મણ સ્વરૂપે શ્રીકૃષ્ણે સાડા ત્રણ ડગલાં પૃથ્વી માગી. વામનમૂર્તિ ભગવાનના વિરાટ સ્વરૂપને રાજાએ સર્વસ્વ અર્પણ કર્યું. તેની પાવન સ્મૃતિરૂપ ત્રણ અહોરાત્ર તહેવારોનું આયોજન વિષ્ણુ દ્વારા થયું. તે પર્વોત્સવ દિવાળીરૂપે ઓળખાયા.

શકો અને હૂણો પરના વિજય બાદ પરદુઃખભંજન રાજા વીર વિક્રમે ગરીબોને શાહુકારની શોષણખોરીથી મુક્ત કર્યા. વેપારીઓને અને ખેડૂતોને પોતાની આવક અને ઊપજના મહેસૂલ ભરવા જણાવ્યું. તે દિવસ દિવાળીનો હતો. ત્યારથી પરંપરાગત રીતે દિવાળીની રાત્રે આખા વર્ષના ધંધાની લેવડ-દેવડના હિસાબો સમાપ્ત કરી નવા વર્ષ માટેના ચોપડાઓનું પૂજન કરવામાં આવે છે.

હવે તો સરકારે નાણાકીય વર્ષનો અંતિમ દિવસ અંગ્રેજી માર્ચ મહિનાની એકત્રીસ તારીખનો નક્કી કર્યો જેથી

ચોપડાપૂજન માત્ર વિધિ પૂરતું જ રહી ગયું.

ચોપડાપૂજન દ્વારા આપણે આવી રહેલા નવ વર્ષ માટે કુબેરજીનો ભંડાર, ધન્નાશાલિભદ્રની રિદ્ધિ અને કયવન્ના શેઠના સૌભાગ્યની આશા સેવીએ છીએ. સાથે સાથે કુબેરજીના ત્યાગ અને શાલિભદ્રના દાનભાવનું સ્મરણ કરવું જોઈએ. આપણે દિવાળીના દિવસે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણા ચોપડામાં હિંસા, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા થતાં આવક કે નફાનું કોઈ પણ ખાતું ન ખૂલે. અહીં ન્યાયસંપન્ન વૈભવની પવિત્ર ભાવના અભિપ્રેત છે. આત્મગુણ પ્રગટે તેવા સુકૃત્યનાં ખાતાંથી જીવનનો ચોપડા ભરાઈ રહે.

આ પર્વ માનવીને મૃત્યુના સંકેતનો સંદેશ આપે છે. જેમ વર્ષનો અંત દિવાળી તેમ જીવનનો અંત મૃત્યુ. દિવાળી પછી નવું વર્ષ, તેમ મૃત્યુ પછી નવજીવન. આમ દીપોત્સવી એ મૃત્યુનો ઉત્સવ. મૃત્યુ પરની શ્રદ્ધાનું પર્વ છે. જીવનમાં સરજાતી નવી આશાના સ્વાગતનો પર્વસમૂહ છે.

ઉલ્લાસ અને ઉમંગ સાથે નવા વર્ષના પ્રભાતે અભિનંદનોની આપ-લે થાય છે.

નવા ધાન્યમાંથી વિધવિધ મીઠાઈ બનાવી પ્રથમ એ મિષ્ટ નૈવેદ્ય થાળી અન્નકૂટરૂપે પ્રભુને ધરીએ છીએ. દિવાળીની રાત્રિની અંતિમ ક્ષણોમાં ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગણધર ગૌતમના જીવનમાં પ્રભુ પ્રત્યેના 'રાગ'ને સ્થાને 'વીતરાગતા' પ્રગટી. તેઓએ અજ્ઞાનનાં અંધારાં ઉલેચી કેવળજ્ઞાનનો દીપક પ્રગટાવી દિવાળીના પર્વને આત્મપ્રકાશનું જ્યોતિપર્વ બનાવી દીધું. કેવળજ્ઞાનની પાવન સ્મૃતિની એ પ્રતિપદા (એકમ)ને 'ગૌતમ પ્રતિપદા' નૂતન વર્ષરૂપે ઊજવીએ છીએ. એ આપણા જીવનમાં નૂતનજ્ઞાનના અભ્યુદયનું સ્વાગત કરે.

ભાઈ-બહેનના દિવ્યપ્રેમની ઝાંખી કરાવતું પર્વ એટલે ભાઈબીજ. ભાઈ-બહેનનો સંબંધ અનાદિનો ઉદય સહજ અને સાર્વભૌમ છે. નિર્વિકારી, નિષ્કામ અને પવિત્ર છે.

આ દિવસે યમરાજ બહેન યમુનાને ઘરે જમવા જાય છે. યમરાજ પ્રસન્ન થઈને બહેનને વરદાન માગવા કહે છે. યમુના વરદાન માગે છે, ''જે કોઈ ભાઈ આજના દિવસે પોતાની બહેનને ત્યાં જઈ જમે અને ભાઈ-બહેન બંનેનો નિર્મળ પ્રેમનો ભાવતંતુ જળવાઈ રહે તેનું અપમૃત્યુ ન થાય.'' યમરાજે તથાસ્તુ કહી ભાઈબીજની મંગળ રાતે બહેનના ભાવપૂર્ણ મોંઘા વરદાનની મહોર મારી.

ફાધર વાલેસ કહે છે કે 'સ્ત્રી માત્રમાં બહેનનું સ્વરૂપ જોવું. બધી સ્ત્રીમાં વસેલી બહેનને વંદન કરવું. તે આ પર્વનો સંદેશ છે.'

પરસ્ત્રી તરફ નિર્મળ ભાવનાથી, પવિત્ર દૃષ્ટિથી જોવું એવો ભાઈ-બહેનનો ધર્મ પાળે તેનું નૈતિક અપમૃત્યુ ન થાય. નિર્દોષ, નિખાલસે જીવનમાં વાસના જાગે તો ભાવમરણ થાય. ભાઈ-બહેનનો પ્રેમ પવિત્રતાનો સંસ્કાર છે. આ ભાવના બ્રહ્મચર્યની સાધનાનો પાયો છે. ભાઈબીજના દિવસે બહેનના પવિત્ર હાથે ભાઈના કપાળ (ભાલ) પર કરેલ ચાંદલો (તિલક) શંકરના ત્રીજા નેત્રની જેમ કામવિકારને બાળીને ભસ્મ કરી નાખે છે. ભાઈબીજનો ચાંદલો મનુષ્યના કામવિજયનું વિજયતિલક છે.

આ ભાઈબીજના પર્વના દિવસે આદર્શ ભાઈ-બહેનોનું પાવન સ્મરણ કરી વંદન કરીએ. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત અને બાહુબલિની બહેનો બ્રાહ્મી અને સુંદરી ભાઈ-બહેનના ઉચ્ચ આધ્યાત્મિક સંબંધનું આદર્શ ઉદાહરણ છે. શ્રીકૃષ્ણે દ્રૌપદીનાં ચીર પૂરી ભાઈ-બહેનના નિર્વ્યાજ સંબંધને ધર્મની ઉત્કૃષ્ટ ભૂમિકા પર મૂક્યો. રાજા અશોકનાં પુત્ર-પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાએ ભાઈ-બહેનનો, ધર્મ-પ્રભાવનાનો સહિયારો પ્રયાસ બૌદ્ધ ધર્મના ઇતિહાસમાં અમર બની ગયો.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી વિરહથી ભાઈ નંદીવર્ધન આર્તધ્યાન, રુદન કરે છે. બહેન સુદર્શના ભાઈને પોતાના ઘેર લઈ ગયા તે દિવસે બીજ હતી. સુદર્શનાએ ભાઈને પ્રતિબોધ આપ્યો. રાગ અને મમત્વબુદ્ધિ ઓછી કરાવી મોહ ઉપશાંત કરાવ્યો, વૈરાગ્યભાવ જગાડ્યો. તેથી નંદીવર્ધન પણ મહાવીરના માર્ગે ચાલવા તૈયાર થઈ ગયા. આમ ભાઈબીજ એ ભાઈ-બહેનના નિર્મળ સ્નેહના પરિતોષનું પર્વ બની ગયું.

દેવ સામે અન્નકૂટ ભરવાની ભવ્યતા સાથે, સુખસંપન્ન લોકોની સહાયથી દરિદ્રનારાયણ દિવાળી ઊજવે તો આ પર્વોત્સવની દિવ્યતા વધે છે.

જ્ઞાનીઓએ તો આ દિવસોમાં ઘરની સાફસૂફી સાથે દેહરૂપી ઘરમાંનાં કર્મરૂપી જાળાં સાફ કરવા જણાવ્યું છે. માત્ર રાવણના પૂતળાને બાળી વિજયાદશમી ઊજવવાથી કશું નહીં વળે. રાવણને દસ માથાં હતાં, અહંકારને હજાર માથાં છે.

અંતરમાં પડેલા અહમ્‌ને બાળીને ભસ્મ કરીશું ત્યારે ભીતરના અહમ્‌નાં દર્શન થઈ શકશે. ઘરના આંગણામાં સમક્તિના સાથિયા પૂરી જ્ઞાનના દીપક પ્રગટાવી ભાવદિવાળી ઊજવીએ એ જ દીપાવલીનો સંદેશ છે. આપણા સૌમાં દિવાળીની ભવ્યતા સાથે દિવાળીની દિવ્યતાનું અવતરણ થાય તેવી પરમ સમીપે પ્રાંજલ પ્રાર્થના.

# ગૃહિણી — આર્થિક જ્ઞાન અને વહીવટી સ્વાવલંબન

CA અમિત કોઠારી — (amit@adkothari.com)

સુખી-સંપન્ન પરિવારનો મોભી (Single Earning Member)ની Sudden Exitથી આર્થિક રીતે સબળ હોવા છતાં, ખાસ કરીને તેની પત્નીના જીવનમાં અંધારપટ છવાઈ જાય છે. આ જમાનામાં તો ગૃહિણી ભણેલી હોવા છતા બેફિકરાઈથી પતિના વહીવટમાં રસ લેતી ન હોય તેના માટે શ્રી અમિત કોઠારીનો આ લેખ સવેળાનો સાબિત થાય છે. *— તંત્રી*

આપણા સમાજના કૌટુંબિક માળખા અનુસાર આર્થિક ઉપાર્જનની જવાબદારી પરિવારના પુરુષવર્ગની રહી છે, જ્યારે ગૃહકાર્યની જવાબદારી સ્ત્રીવર્ગની રહી છે.

ગૃહિણીઓનો પરિવારના સંચાલનમાં ફાળો અત્યંત મહત્ત્વનો અને અભિવાદનપાત્ર છે, પરંતુ ઘણી વાર જોવાય છે કે પરિવારની જવાબદારીઓ અને જરૂરિયાતો સાચવતી વખતે ગૃહિણીઓ પરિવારના વેપાર, આર્થિક વિષયો અને ભવિષ્ય માટેની યોજનાઓ વિષે અજ્ઞાત હોય છે. પતિના બીમાર હોવાની કે મૃત્યુ પામવાની સ્થિતિમાં ગૃહિણીઓના આર્થિક અને વહીવટી વિષયો વિષેના અલ્પજ્ઞાન કે અજ્ઞાનતાને કારણે તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને અન્યો પર અવલંબિત રહેવું પડે છે.

સામાન્ય રીતે ગૃહિણીઓને આ બાબતો જાણવામાં કે શીખવામાં ઓછો રસ હોય છે, આથી પતિએ તેમની પત્નીને આ બાબતો શીખવા પ્રોત્સાહિત કરવી અને પત્નીને સ્વાવલંબી બનાવવી મહત્ત્વનું છે. ભવિષ્યમાં થતી મુશ્કેલીઓ ટાળવા, ભવિષ્ય માટે યોજના બનાવતી વખતે લેવા જેવી તકેદારીઓ અને ગૃહિણીઓ માટે જાણવા જેવી બાબતો આલેખવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

**અ)** ભવિષ્ય માટે યોજના બનાવતી વખતે લેવા જેવી તકેદારીઓ :

**૧) યોગ્ય વસિયતનામું :**

i) વસિયતનામાનો અમલ કરાવનાર વ્યક્તિ ખૂબ કાળજીપૂર્વક પસંદ કરવી જોઈએ. તે/તેણી ઈમાનદાર અને નિષ્પક્ષ હોવી જરૂરી છે.

ii) વસિયતનામું બનાવતી વખતે, બાળકોને નામે સંપત્તિ લખતાં પહેલાં પત્નીના ભવિષ્ય માટે પૂરતી સંપત્તિ રાખી હોય તેની કાળજી લેવી. ભવિષ્યમાં સંપત્તિ પત્ની પાસેથી બાળકો પાસે આવી શકે છે, પરંતુ બાળકો પાસેથી તમારી પત્નીને મળવી સામાન્ય રીતે મુશ્કેલ છે.

iii) અગર તમારી સ્થાવર મિલકતમાં ફક્ત એક મકાન હોય તો તે તમારી પત્નીના ભાગે આવે તેવી જોગવાઈ કરવી વધુ યોગ્ય રહેશે.

**૨) યોગ્ય વીમો (Insurance) :**

અગર પરિવારમાં તમે એકલી આવક ધરાવતી વ્યક્તિ હો તો તમારો જીવન વીમો ઓછામાં ઓછો વાર્ષિક ખર્ચના ૨૦ ગણો હોવો જરૂરી છે.

**૩) નોમિનેશન :**

દરેક સ્થાવર મિલકત અને બૅંક એકાઉન્ટ્સ માટે નોમિનેશન કરવું જોઈએ.

**૪) જોઈન્ટ એકાઉન્ટ્સ :**

બધાં બૅંક એકાઉન્ટ્સ અને ફિક્સ્ડ ડિપૉઝિટ જોઈન્ટ નામે અને 'Either or Survivor' સુવિધા સાથેના હોવા સલાહકારક છે.

**૫) પાસવર્ડ :**

બૅંક એકાઉન્ટ્સ, ઈ-મેઈલ એકાઉન્ટ્સ, સોશિયલ-મીડિયાના એકાઉન્ટ્સ વગેરેના પાસવર્ડ તમારી પત્નીની જાણમાં હોવા જોઈએ.

**બ) દસ્તાવેજો :**

